

Gyan Amrit
જ્ઞાનામૃત
Vol.13 - Issue 5
May 2020
Price 12/-
બ્રહ્માકુમારીઝનાં મુખ્ય પ્રશાસિકા
રાજયોગિની દાદી જાનકીજીનું
૨૭ માર્ચ ૨૦૨૦ના
અવ્યક્ત વતનની યાત્રાએ મહાપ્રયાણ.
શ્રધ્ધા સુમન અર્પણ
01-01-1916 થી 27-03-2020

# રાજયોગિની દાદી જાનકીજીને શત્ શત્ વંદન

**દાદીજી સમયાંતરે તેમના ક્લાસમાં જે વાતો કરતાં તેને,**
**ફક્ત કલમ દ્વારા શબ્દોમાં મઢેલ છે**
**– દાદીજીના સચિવ બ્ર.કુ. હંસાબેન**

જયંતીને બીજ બોયા, વિદેશ મેં સેવા કા,
કૈસે ઝાડ નીકલ આયા,
દાદીને હડ્ડી હડ્ડી સેવા કી, સેવા મેં પ્રાણ લગાયા,
ભોજન કી કોઈ બાત નહીં,
ખાયા યા ન ખાયા,
જી જાન સે સેવા કી,
દેખો કિતના વૃધ્ધિ કો પાયા.
સડક સે ઉઠા કે દરવાજા લાયા,
ખટીયા ઉનસે બનાયા,
મુરલી સુનાને કે લીયે ઉસમેં વો કામ આયા,
જુતે–કોટ કભી નહીં પહેના,
ટ્રેન મેં બસ મેં ચક્કર લગાયા.
ચપ્પલ ઘીસકે અપને કો ચલાયા,
પ્રકૃતિજીત અપને કો બનાયા,
સબકા સંબંધ બાબા કે સાથ જુટાયા,
અપને મેં કભી નહીં ફંસાયા.
બાબા ને હમકો ચુન કર,
બેહદ સેવામેં લગાયા
દાદીને દિલ સે સેવા કી,
બાબાને ઉસકો ગલે લગાયા
વિદેશ સિસ્ટમ દિલસે અપનાયા
ઈસલીયે આજ ઉનકા વિશ્વ મેં હૈ નામ
ભગવાન ભી કરતે હૈ ઉનકો સલામ,
ચાર આના વેસ્ટ નહીં કીયા,
ક્યોંકી કિયા જ્ઞાનદાન,
સારા વિશ્વ કરતા હૈ આપકા ગુણગાન
ફુલોં કી વર્ષા કર રહે હૈ આજ, આપ પર સ્વયંમ્ ભગવાન.



# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૩ મે-૨૦૨૦ અંક : ૦૫

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- રાજયોગિની દાદી જાનકીજી ................તંત્રી સ્થાનેથી ..04
- શોક સંદેશ .....................................................06
- દાદીજીનો સંક્ષિપ્ત જીવન પરિચય ..........................09
- જીવન જીવવું તો કેવી રીતે ? ..............દાદી જાનકીજી ..12
- અંતિમ અવસ્થા ............................બ્ર.કુ. હંસાબેન ..13
- ભોગ સંદેશ .....................................................16
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..18
- મીઠા દાદીના કદમમાં પદ્મ ............બ્ર.કુ. ભારતીદીદી ..19
- નિખાલસ, સ્વાશ્રયી.... તપસ્યા મૂરત .બ્ર.કુ. ચંદ્રિકાબેન ..21
- દાદીજી સાથેનો અલૌકિક અનુભવ .....બ્ર.કુ. વેદાંતીબેન ..24
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..26
- દિવ્ય ફરિસ્તા રાજયોગિની દાદીજી .......બ્ર.કુ.કમલબેન ..30
- અમૃત ઝરણું ............................બ્ર.કુ. ભારતીબેન ..31
- મમતામયી મા કો શત્ શત્ નમન......બ્ર.કુ. આરતીબેન ..34



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


### સ્થાનિક સેવાકેન્દ્ર

### આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# રાજયોગિની દાદી જાનકીજી

## મહાન ફરિશ્તાનું મહાપ્રયાણ

'બહુરત્ના વસુંધરા' આ ભારત ભૂમિમાં એવાં રત્નો થઈ ગયાં છે કે જેમની દિવ્યતાનો પ્રકાશ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયો છે. અનેક આત્માઓની જીવન જ્યોતિ જગાવવામાં તે નિમિત્ત બન્યો. આ મહાન નારીરત્ન એટલે રાજયોગિની દાદી જાનકીજી.

ઈ.સ. 1916માં સિંધ હૈદ્રાબાદમાં એક પરિવારમાં મંગળ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. એનું કારણ પરિવારને એમ લાગતું હતું કે અમારા ઘેર સાક્ષાત્ દેવી પધાર્યાં છે.

તેઓ 'ઓમમંડલી'માં આવ્યાં. અહીંના વાતાવરણથી એટલાં પ્રભાવિત થયાં કે 21 વર્ષની ઉંમરે સર્વ સામાજિક બંધનો તોડીને તેમાં જોડાઈ ગયાં. આ 'ઓમમંડલી' 1937માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરીકે પ્રસિદ્ધ થઈ.

કરાંચીમાં બાબા, મમ્મા વિશ્વકિશોરભાઈ, દીદી મનમોહિનીજી, દાદી પ્રકાશમણિજી અને યજ્ઞના બ્રહ્માવત્સો સાથે રહીને 14 વર્ષ ગુપ્ત તપસ્યા કરી તેનાથી તેઓ દિવ્યગુણસંપન્ન બન્યાં.

દાદી વિશ્વસેવા માટે વિદેશ ગયાં. તેઓ લંડનમાં બ્ર.કુ. જયંતીબેન સાથે રહેતાં હતાં. દાદી કીચનનું કામ કરતાં હતાં. બ્ર.કુ. જયંતીબેન પ્રવચનો કરતાં હતાં. એક સમય એવો આવ્યો કે દાદીજી પ્રવચનો કરતાં હતાં જ્યારે બ્ર.કુ. જયંતીબેન દુભાષિયાનું કામ કરતાં હતાં.

દાદી જાનકીજી 1970 થી 2007 સુધી 37 વર્ષમાં વિદેશમાં પોતાની સેવા આપી. 25-08-2007માં દાદી પ્રકાશમણિના દેહત્યાગ પછી તેઓ સંસ્થાનાં મુખ્ય પ્રશાસિકા બન્યાં.

આજ સુધી તેઓ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં રહ્યાં.

- સ્વચ્છ ભારત મિશનનાં બ્રાન્ડ એમ્બેસેડર
- રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત
- ગીતમ વિશ્વવિદ્યાલય, વિશાખાપટ્ટનમ દ્વારા 2012માં ડોક્ટરની પદવીથી સન્માનિત કર્યાં.
- દાદીજીના સન્માનમાં જાનકી ફાઉન્ડેશનની સ્થાપના.

દાદીજીએ લખેલાં પુસ્તકો તથા ભિન્ન ભિન્ન સંસ્થાઓ એ કરેલાં સન્માનોની યાદી દાદીજીના સંક્ષિપ્ત પરિચયમાં આપી છે.

ત્યાગ, તપસ્યા, સેવા, સમર્પણ, સતત યોગાભ્યાસથી એમનું જીવન ફરિશ્તા સમાન બન્યું. યજ્ઞમાં જેમ મમ્માની મુરલી પ્રખ્યાત હતી તેમ દાદીના ક્લાસ ઘણા જાણીતા હતા. ક્લાસીસની એક પુસ્તિકા વાંચવા મળી.

દાદી જ્યારે વિદેશ જતા કે આવતા ત્યારે અમદાવાદના બ્રહ્માવત્સોને ક્લાસ કરાવવા માટે ખાસ મોટો હોલ રખાવતા. તે વખતે કોઈ સેન્ટર પર મોટા હોલ ન હતા. પછી સૌ પ્રથમ લોટસમાં મોટો હોલ બનતા લોટસના હોલમાં એમના ક્લાસ સાંભળવા દૂર દૂરથી બ્રહ્માવત્સો આવતા.

દાદીએ કદી ભૌતિક સમૃદ્ધિ તરફ, ગાડીઓની સુવિધા તરફ ધ્યાન આપ્યું નથી.

લાંબા સમય સુધી બ્રહ્માવત્સોની ગાડીઓનો ઉપયોગ કરતાં પણ વયવૃદ્ધિને કારણે સંસ્થાએ વિશેષ સવલતો આપી.

દાદી કોઈના દોષોને, કોઈ વીતેલી વાતોને યાદ નહોતાં કરતા. જ્યાં જરૂર હોય ત્યાં તેઓ બ્રહ્માવત્સોને ઈશારો આપતાં પછી તેમને કર્મના સિધ્ધાંત ઉપર છોડી દેતાં હતા.

ભારત અને વિશ્વના 140 દેશોમાં આવેલાં 8500 સેવાકેન્દ્રોનું દાદી કુશળતાપૂર્વક સંચાલન કરતાં હતા. ગયા વર્ષે દાદીએ 50 હજાર કિલોમીટર સુધી સેન્ટરોમાં જઈ યાત્રા કરી.

માત્ર ચાર ધોરણ સુધી ભણેલાં દાદી 46 હજાર બ્રહ્માકુમારી બહેનોનાં મા હતાં. 12 લાખથી અધિક નિયમિત સેન્ટરો પર આવતાં. બ્રહ્માવત્સો (સાધક)નાં મા હતા. 80 ટકા બાબતો એમને યાદ રહેતી હતી.

વિશ્વનાં અત્યંત સ્થિર મહિલાનો એમનો વર્લ્ડ રેકોર્ડ હતો. એમનો એક એક શબ્દ લાખો ભાઈ-બહેનો માટે માર્ગદર્શક બનતો હતો. (અન્ય વિગતો જીવન પરિચયમાં આપેલી છે.)

તા. 12-09-1990ની ઘટના છે. ત્યારે મધુવન (પાંડવભવન)માં સીનિયર ભાઈઓની ભઠ્ઠી ચાલતી હતી. એમાં ભાગ લેવા હું નારણપુરા, અમદાવાદ સેન્ટરથી આવ્યો હતો.

બ્ર.કુ. અશોકભાઈ (હાલ સેટેલાઈટ સેન્ટર) એ સમયે આવ્યા અને મને કહ્યું 'કાલિદાસભાઈ, આપને, જાનકીદાદી બોલાવી રહ્યાં છે.' આ સાંભળીને મારા મનમાં આનંદ અને આશ્ચર્યનો મિશ્રિત ભાવ અનુભવવા લાગ્યો.

બ્ર.કુ. અશોકભાઈ, બ્ર.કુ. બિપિનભાઈ અને હું અમે ત્રણે દાદીજીને મળવા ગયા. દાદીજીએ દૃષ્ટિ આપી. દાદીજીએ કહ્યું, 'હમણાં જ્ઞાનામૃત 'હિન્દી'માં પ્રસિદ્ધ થયેલો આપનો લેખ 'વિવેક' વાંચ્યો. 'આપના લેખ હું વાંચતી રહું છું. સારું લખો છો.' પછી મારો પરિચય પૂછ્યો. દાદીએ ટોલી આપીને મને ઈંગ્લીશમાં લખવાનું વરદાન આપ્યું.

આ ઘટનાએ મને ભાવવિભોર બનાવી દીધો. આપણાં આટલાં મહાન, મીઠાં દાદી આપણું કેટલું ધ્યાન રાખે છે. પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનું કેટલું મહાન કાર્ય કરે છે. જેના ફલસ્વરૂપે આપણો યજ્ઞ 'દિનદૂના રાત ચૌગુના' પ્રગતિના પથ પર આગળ વધી રહ્યો છે. દેશ અને વિદેશોમાં પરમાત્માની પ્રત્યક્ષતા કરી રહ્યાં છે.

દાદીજીએ બીજાઓને આગળ વધારવાનું ધ્યેય રાખ્યું છે. એ માર્ગે આપણે પણ ચાલીએ તો અનેક આત્માઓને આગળ વધારી શકીએ છીએ. જીવન ધન્ય ધન્ય બનાવી શકીએ છીએ.

યોગશક્તિનું ઉદાહરણ, અદ્‌ભુત, અદ્વિતીય, વિશ્વસનીય વ્યક્તિત્વ ધરાવતાં 104 વર્ષનાં રાજયોગિની દાદી ડો. જાનકીજીએ 27 માર્ચ શુક્રવારે સવારે 2.00 કલાકે માઉન્ટ આબુની ગ્લોબલ હોસ્પિટલમાં છેલ્લો શ્વાસ લઈ બાબાની ગોદમાં સમાઈ ગયાં. પાંડવભવનનાં 4 યાત્રાધામો, જ્ઞાનસરોવરની યાત્રા પછી શાંતિવનમાં એમના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. તેઓ સૂક્ષ્મ રીતે અનેક આત્માઓને પ્રેરણા આપતાં રહેશે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 17નું અનુસંધાન)... ભોગ સંદેશ**

રહેશો. બુદ્ધિયોગ એક બાબાની સાથે હશે. વર્તમાન સમયની સર્વિસ તપસ્યામાં જ છે. સેન્ટર પર યોગભઠ્ઠી તપસ્યાના રૂપમાં કરો તો ઘરમાં રહેનારાઓને પણ પ્રેરણા મળશે.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. પ્રો. હેમંત પરીખ, અમદાવાદ.**

# રાજયોગિની દાદી જાનકીજી પ્રતિ શોકસંદેશ



રાજયોગિની દાદી જાનકીજીના દેહાવસાન પર રાષ્ટ્રપતિથી લઈને પ્રધાનમંત્રીએ ટ્વીટ કરીને શોક પ્રગટ કર્યો.

બ્રહ્માકુમારીઝનાં પ્રમુખ રાજયોગિની દાદી જાનકીજીના નિધનના સમાચાર જાણીને મને અત્યંત દુઃખ થયું. અધ્યાત્મ, સમાજકલ્યાણ અને વિશેષરૂપે મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. એમના અગણિત શ્રધ્ધાળુઓ પ્રત્યે મારી શોકસંવેદનાઓ વ્યક્ત કરું છું.

**- શ્રી રામનાથ કોવિંદ, રાષ્ટ્રપતિ.**

દાદી જાનકીજીએ પોતાની સાથે બીજાઓનું સકારાત્મક પરિવર્તન કર્યું છે. મહિલાઓના સશક્તિકરણમાં એમનો પ્રયાસ ઉલ્લેખનીય હતો. ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ.

**- શ્રી નરેન્દ્ર મોદી, વડાપ્રધાન (પ્રધાનમંત્રી)**

બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીજીના દેહાવસાનના સમાચાર સાંભળીને મને ગહન વેદના થઈ. એમણે પોતાનું સમગ્ર જીવન સમાજની સેવા અને એના સશક્તિકરણમાં વીતાવી દીધું. એમનું વ્યક્તિત્વ અને કૃતિત્વ આપણને નિઃસ્વાર્થભાવથી સમાજ-સેવાની પ્રેરણા આપે છે.

**- શ્રી રાજનાથસિંહ, સંરક્ષણ મંત્રી**

બ્રહ્માકુમારીઝ સેવા સંસ્થાનનાં પ્રમુખ રાજયોગિની દાદી જાનકીજીના નિધનના સમાચાર ઘણા દુઃખદ છે. દાદીજીએ પોતાનું સમગ્ર જીવન માનવતાની સેવામાં અર્પણ કર્યું છે. હંમેશા સમાજને સકારાત્મક દિશા આપી. હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર પૂણ્યાત્માને શાંતિ પ્રદાન કરો.

**- શ્રી જગતપ્રકાશ નડ્ડા, રાષ્ટ્રીય અધ્યક્ષ, BJP**

આધ્યાત્મિક સંગઠન બ્રહ્માકુમારીઝના મુખ્ય પ્રશાસિકા તથા સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર રાજયોગીની દાદી જાનકીજીના યોગદાનને સદા યાદ રખાશે. ત્યાગ, તપસ્યા દ્વારા માનવીય મૂલ્યોનું તેમણે બીજારોપણ કર્યું. આવી મહાન આત્માને શાંતિ માટે પ્રાર્થના કરું છું.

**- વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

બ્રહ્માકુમારીઝના મુખ્ય પ્રસાશિકા ડૉ. દાદી જાનકીજીના દેહઅવસાનથી મને ખૂબ દુઃખ થયું છે. નારીશક્તિના પ્રેરણાસ્ત્રોત દાદી જાનકીજીએ સમગ્ર વિશ્વને શાંતિ અને સદભાવનાનો રસ્તો બતાવ્યો છે. ભારતીય દર્શન, રાજયોગ, માનવીય મૂલ્યોની સ્થાપના માટે તેઓએ જે કાર્ય કરેલ છે તે આપણા માટે પથદર્શક બની રહેશે. સદગતની આત્માને પરમશાંતિ મળે તેવી પ્રાર્થના.

**- આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ, ગુજરાત**

01 શ્રી નરેન્દ્ર મોદી - પ્રધાનમંત્રી , ભારત સરકાર
02 શ્રી પ્રણવ મુખર્જી - પૂર્વ રાષ્ટ્રપતિ , કલકત્તા
03 શ્રી આચાર્ય દેવવ્રત - ગવર્નરશ્રી , ગુજરાત રાજ્ય , ગાંધીનગર
04 શ્રી વિજયભાઈ રૂપાણી - મુખ્યમંત્રીશ્રી , ગુજરાત રાજ્ય , ગાંધીનગર
05 શ્રીમતી અનુસીયા ઉઈકે - ગવર્નરશ્રી , છત્તીસગઢ , રાયપુર
06 શ્રી અશોક ગેહલોત , મુખ્યમંત્રીશ્રી , રાજસ્થાન , જયપુર
07 શ્રી શ્રી રવિશંકર મહારાજ - પ્રમુખ , આર્ટ ઓફ લીવીંગ
08 સ્વામીશ્રી અધ્યાત્મનંદજી - પ્રમુખ , શિવાનંદ આશ્રમ , અમદાવાદ
09 રત્ના સ્વામી - આર્ક બીશપ ઓફ અમદાવાદ , મિરઝાપુર , અમદાવાદ
10 પ્રમુખશ્રી - બહેરીન સીકલ સેલ સોસાયટી , કિંગડમ બહેરીન
11 શ્રી વિવેક આનંદ ઓબેરોય - ફિલ્મ અભિનેતા , મુંબઈ
12 શ્રી ટી . એસ . સીંગ દેવ - કેબીનેટ મીનીસ્ટર , છત્તીસગઢ રાજ્ય તથા MLA અંબિકાપુર
13 મેનેજીંગ ડાયરેક્ટરશ્રી - કૈરા ડીસ્ટ્રીક્ટ કો ઓપ . મિલ્ક પ્રોડ્યુસર યુનિ . લી . , આણંદ
14 શ્રી રાહુલકુમાર - પૂર્વ મેનેજીંગ ડાયરેક્ટર , અમૂલ ડેરી , ચેન્નાઈ
15 ડો . જીગીષાબેન શેઠ - મેયર , વડોદરા શહેર
16 શ્રી મુકેશભાઈ સાહુ મહેશ્વરી - ભાજપ નેતા , વડોદરા
17 શ્રીમતી ગીતાબેન વી . રાઠવા - સંસદ સભ્ય , છોટા ઉદેપુર , ગુજરાત
18 શ્રી અમરીષ ડેર - ધારાસભ્ય , જાફરાબાદ , રાજુલા , ખાંભા
19 શ્રીમતી ડો . ભારતી ધીરૂભાઈ શિયાળ - સંસદ સભ્ય , ભાવનગર , બોટાદ
20 શ્રી મિતેષ પટેલ ( બકાભાઈ ) - સંસદ સભ્ય ( લોકસભા ) , આણંદ
21 શ્રી હીરાભાઈ સોલંકી - પૂર્વ સંસદીય સચિવ ભાજપ તથા પ્રમુખ કોળી સેના , રાજુલા , જાફરાબાદ
22 શ્રી સી . કે . વ્યાસ - પ્રમુખ , શિવસેના ગુજરાત , વટવા , અમદાવાદ
23 પ્રમુખશ્રી , અમૂલ લાયન્સ , આણંદ
24 શ્રી અરૂણ બુચ - પ્રમુખ , ગાંધીનગર શહેર વસાહત મહામંડળ , ગાંધીનગર
25 શ્રી હાર્દિકભાઈ સોલંકી - બાવળા નગર સંયોજક ( સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ )
26 શ્રીમતી પ્રાંજલ ભટ્ટ - ગુજરાતી ફિલ્મ અભિનેત્રી , વડોદરા
27 શ્રી લાલારામ જાંગયાની - પ્રમુખ , સિંધી પેન્શનર વેલફેર એસોશિએશન , અમદાવાદ
28 શ્રીમતી જ્યોત્સના પટેલ - માનદ મંત્રી , ડો . રમણભાઈ પી . પટેલ - માનદ નિયામક SRKSM , આણંદ
29 સ્વામીશ્રી શિવકૃપાનંદજી - સમર્પણ આશ્રમ , દાંડી , ગુજરાત
30 શ્રી ઓમપ્રકાશ દાંડેકર - પૂર્વ કૃષિમંત્રી , હરિયાણા

## ટ્વીટર મેસેજ

01 શ્રી ઓમપ્રકાશ ધાનેકર - પૂર્વ મંત્રીશ્રી

02 શ્રી પ્રભુ વસાવા - સાંસદ સભ્ય, બારડોલી
03 શ્રી શશી થરૂર - સાંસદ, તીરૂવનંતપુરમ્
04 શ્રી સી.એમ. રમેશ - સાંસદ, આંધ્રપ્રદેશ
05 શ્રી કૃણાલ સારંગી - પૂર્વ સાંસદ, બારાગોડા, ઝારખંડ
06 શ્રી કરમજીત સીંગ રીન્ટુ - મેટરશ્રી, અમૃતસર, પંજાબ

**મીડીયા કવરેજ**

01 ગુજરાત સમાચાર
02 સંદેશ
03 દિવ્ય ભાસ્કર
04 નવ ગુજરાત સમય
05 ટાઈમ્સ ઓફ ઈન્ડિયા - પહેલા પાને
06 પ્રભાવ દૈનિક - અમદાવાદ
07 સૂર્યકાલ - સાંધ્ય દૈનિક
08 જયહિન્દ
09 રાજસ્થાન પત્રિકા
10 ચંગલીડર
11 ગુજરાત વૈભવ
12 પ્રભાત
13 વેસ્ટર્ન ટાઈમ્સ
14 મુંદ્રા - કચ્છ પત્રિકા
15 બોટાદ સમાચાર
16 સીટી અમદાવાદ
17 ઉત્તર ગુજરાત - અમદાવાદ
18 જન સમૃદ્ધિ - ગુજરાતી ન્યુઝ ચેનલ
19 તેજ ગુજરાત - ગુજરાતી ન્યુઝ ચેનલ
20 IBC-24 - ગુજરાતી ન્યુઝ ચેનલ
21 DD News - ગુજરાતી ન્યુઝ ચેનલ
22 News 18 - ગુજરાતી ન્યુઝ ચેનલ
23 VTV - ગુજરાતી ન્યુઝ ચેનલ
24 TV9 - ગુજરાતી ન્યુઝ ચેનલ
25 સંદેશ - ગુજરાતી ન્યુઝ ચેનલ

(પેજ નં. 12નું અનુસંધાન)... અમૃતધારા

રહીશ. મરવું છે તો તૈયારી કરીને ખુશીથી મરવું છે. અચાનક જ ન મરી જાઉં.

**18-02-2019 -** બાબાએ સૌને શીખવાડ્યું છે કે જીવન જીવવું છે તો કઈ રીતે ? જો આજે મરી જાઉં તો કઈ રીતે ? શરીર તો છૂટવાનું જ છે. આ દેહને તો છોડવાનો જ છે. એ તો સૌને ખબર છે ને? દરેક ડ્રામાને જાણીને સદા નિશ્ચિંત રહો છો ને ? જે વીત્યું તે સ્વપ્ન થઈ ગયું. બાબાએ આ ઘણો સારો ઉપાય બનાવ્યો છે. જે વીતી ગયું તે ડ્રામા. જે બનશે તે પણ ડ્રામા. અત્યારે ડ્રામામાં જે સીન છે તે ઘણો સુંદર છે. એની મજા માણી લો. **શાંતિ મારો સ્વધર્મ છે. ખુશી મારું સ્વરૂપ છે. મને તો હું કોણ અને મારું કોણ એની મસ્તી ચઢી છે.** અર્થાત્ ઉડતી કલામાં ઉડી રહી છું. ॥**ઓમશાંતિ**॥

(પેજ નં. 15નું અનુસંધાન)... અંતિમ અવસ્થા

ઘણા બધા ભાઈ બહેનો થાળીઓ ભરી-ભરીને ભોગ લઈને આવેલ. મારું ખૂબ સૌભાગ્ય રહ્યું આટલા વર્ષોથી દાદીજીની સાથે રહેવાનું. હું સામાન્ય કુમારી હતી. પરંતુ દાદીજી મને યજ્ઞની નજીક લાવ્યા. દાદીજીના કારણે હું બધાની ખૂબ નજીક આવી. દાદીજી મને કહેતા બડીદાદી, ઈશુદાદી, રતનમોહિની દાદીને ગુડ મોર્નિંગ કરીને આવો. એ રીતે મને દોડાવ્યા કરતા. અત્યારે હું જે સ્થાન પર છું તે દાદીજીના કારણે જ છું. નહીં તો સામાન્ય કુમારી બની કોઈ જગ્યાએ સેવા કરતી હોત. દાદીજીનો મારામાં વિશ્વાસ મને ચલાવતો હતો. ઘણા મને પૂછતા કે આટલી બધી ઉંમર હોવા છતાં દાદીજીને કેવી રીતે સાચવો છો? દાદીજીના મારામાં વિશ્વાસના કારણે તેઓની સેવા માટે નિમિત્ત બની. ॥**ઓમશાંતિ**॥

# રાજયોગિની દાદી જાનકીજીનો સંક્ષિપ્ત જીવન પરિચય

- દાદીજીનો જન્મ 1916માં હૈદરાબાદ સિંધ પ્રાંતના સુખી અને ધાર્મિક પરિવારમાં થયો.
- કરાંચીમાં બાબા મમ્મા અને અન્ય દાદીઓ, રાજયોગી વિશ્વ કિશોર ભાઉની સાથે રહીને 14 વર્ષની ગુપ્ત સાધના કરી.
- 21 વર્ષની ઉંમરમાં આપ 'ઓમમંડલી'માં જોડાયાં જેનું 1937માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય નામ રાખવામાં આવ્યું.
- દરરોજ અમૃતવેળા વહેલી સવારે 4.00 વાગે ઉઠતાં હતાં.
- 1974માં આધ્યાત્મિક સેવા અર્થે પહેલી વાર વિદેશમાં ગયા.
- 2007માં દાદી પ્રકાશમણિજીએ દેહત્યાગ કર્યો એટલે મુખ્ય પ્રશાસિકાની જવાબદારી સ્વીકારી.
- 91 વર્ષે તેઓ સંસ્થાનાં મુખ્ય પ્રશાસિકા બન્યાં.
- 100 દેશોમાં એકલાં જ રાજયોગ અને આધ્યાત્મિક શિક્ષણનો સંદેશ આપ્યો.
- સમગ્ર દેશ અને વિશ્વના 140 દેશોમાં રાજયોગ સેન્ટરો આવેલાં છે.
- 140 દેશોમાં આવેલાં 8500 સેવાકેન્દ્રોનું તેઓ કુશળ સંચાલન કરતાં.
- 12 લાખથી વધુ ભાઈઓ બહેનો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સાથે જોડાયેલાં છે.
- 40 હજાર બ્રહ્માકુમારીઓનાં મા સ્વરૂપા દાદી જાનકીનો સાથ છૂટી ગયો.

## વિશ્વની અત્યંત સ્થિર મનની મહિલા

મીડિયા નિર્દેશક રાજયોગી કરુણાભાઈએ બતાવ્યું કે અમેરિકાના ટેકસાસ મેડિકલ અને સાયન્સ ઈન્સ્ટીટ્યુટના વૈજ્ઞાનિકો દ્વારા પરીક્ષણ પછી દાદીજીને મોસ્ટ સ્ટેબલ માઈન્ડ ઓફ ધ વર્લ્ડ વુમનથી નવાજવામાં આવ્યાં હતાં. એમણે યોગથી પોતાના મનને એટલું સંયમિત, પવિત્ર શુદ્ધ અને સકારાત્મક બનાવી દીધું હતું કે જે સમયે ઈચ્છે, જે વિચાર યા સંકલ્પ પર ગમે તેટલો સમય સ્થિર રહી શકતાં હતાં. દાદીજીને લોકો જોઈને, સાંભળીને, મળીને પ્રેરિત થતાં હતાં કે જેઓ આજે સાચી જિંદગીનાં રાહી છે. એમનો એક એક શબ્દ લાખો ભાઈ-બહેનો માટે પથપ્રદર્શક બની જતા હતા.

દાદીજી માત્ર 4 ધોરણ જ ભણેલાં હતાં. આટલી ઉંમર હોવા છતાં 12 કલાક તેઓ આધ્યાત્મિક સેવામાં તત્પર રહેતાં હતાં. હંમેશા યુવાઓ જેવો ઉત્સાહ જોવા મળતો હતો. સાથે સાથે 80 ટકા વાતો મોઢે યાદ રહેતી હતી.

દાદીજી 60 વર્ષની ઉંમરે વિદેશ ગયાં જ્યારે લોકો સ્વયંના કાર્યોથી સેવા નિવૃત્ત સમજે છે. દાદીજી સૌથી પહેલાં લંડનમાં 1974ના વર્ષથી ઈશ્વરીય સંદેશ આપવાની શરૂઆત કરી. ત્યાં 1991માં કેટલાયે એકરોમાં ફેલાયેલા 'ગ્લોબલ કો ઓપરેશન હાઉસ'ની સ્થાપના કરી. ધીરે ધીરે આ પ્રવાસ આગળ વધતો ગયો અને યુરોપના દેશોમાં આધ્યાત્મિક શંખનાદ થયો. દાદીની સાથે હજારો બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો જોડાતાં ગયાં.

દાદીએ કહ્યું કે આજે મને જણાવતાં હર્ષ થઈ રહ્યો છે કે 102 વર્ષની ઉંમરમાં પણ મને પરમાત્મા અને લોકોની દુઆઓએ એટલી ભરપૂર કરી છે.

આજે પણ પૂરી દુનિયામાં ચક્કર લગાવીને લોકોની સાથે માનવીય મૂલ્યોને વહેંચી નવું જીવન જીવનની પ્રેરણા આપું છું. એક આધ્યાત્મિક રાજ્ય કે જેનો સૂર્ય કદી અસ્ત થતો નહોતો. તેવી દુનિયામાં જવા માટે સર્વને માનસિક અને શારીરિક રૂપે સ્વસ્થ રહેવાની પ્રેરણા આપું છું. કેટલાયે દેશોના પ્રતિનિધિઓ મને પોતાના દેશની નાગરિકતા આપવાનું કહે છે પરંતુ મને મારો ભારત દેશ પ્રિય છે. નાગરિકતા આપવાની વાત કરનાર પ્રતિનિધિઓને ભારતમાં આવીને અહીંની સંસ્કૃતિ સાથે હળી મળી જવાની સલાહ આપી આમંત્રિત કરું છું. આજે મને ગર્વ છે કે લાખો લોકોની જિંદગીમાં એક નવી રોશની ભરવાનું કાર્ય પરમાત્માએ પૂર્ણ કરાવ્યું છે.

## દાદીજીનું ભોજન

દાદી શરીરને સ્વસ્થ અને હળવા રાખવા માટે સવારના નાસ્તામાં દલિયા, ઉપમા અને ફળ લેતાં હતાં. બપોરે ખીચડી, શાકભાજી પસંદ કરતાં હતાં. રાતે ભાજીઓનો ગાઢો સૂપ લેતાં હતાં. આહારમાં તેલ મસાલાવાળા ભોજનની પરેજી પાળતા હતાં. નક્કી સમયે ભોજન કરતાં હતાં. દાદીજી કહેતાં હતાં કે આપણે જેવું અન્ન લઈશું તેવું મન બનશે. ભોજન પરમાત્માની યાદમાં જ કરવું જોઈએ. આપણા મનનો ભોજન સાથે સીધો સંબંધ છે.

દાદીજીને કેટલાંયે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં. ભારતમાં પણ કેટલાય એવોર્ડ આપવામાં આવ્યા. મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને આધ્યાત્મિકતામાં વિશ્વભરમાં પ્રશંસનીય યોગદાન બદલ દાદીજીને વર્ષ 2012માં વિશાખાપટ્ટમની ગીતમ વિશ્વ વિદ્યાલયે, ડોક્ટરેટની પદવીથી વિભૂષિત કર્યાં.

દાદીજી સદા કહેતાં હતાં હું એક જ વાત યાદ રાખું છું. હું કોણ ? અને મારું કોણ ? હું એટલે આત્મા અને મારા એટલે પરમાત્મા. મનમાં દરેક પળે એક જ સંકલ્પ પરમાત્માની યાદમાં ચાલે છે. બાબા આપવા માટે બેઠા છે. આપ્યું છે અને આપી રહ્યા છે. રાજયોગ મેડીટેશન તન અને મનની દવા છે. આજે એની સૌને આવશ્યકતા છે. પરિવર્તન સંસારનો નિયમ છે. જેમ કલિયુગ પછી સતયુગ આવે છે. એ રીતે રાત અને દિનનું ચક્ર ચાલ્યા કરે છે. જો જીવનમાં નવીનતા નથી તો તે નીરસ બની જાય છે. દરેક પળે, દરેક દિવસે નવું વિચારો. નવું કરીએ અને જીવનપથ પર આગળ વધીએ. આવનાર સમયમાં સમસ્યાઓ વધશે એટલે સૌએ યોગબળ વધારવાની જરૂર છે. દરેકનો ડ્રામામાં પોતપોતાનો પાર્ટ છે. હું પરમાત્માની યાદ વગર એક પગલું પણ ભરતી નથી. દરેક સંકલ્પમાં બાબાની યાદ સમાયેલી છે. બાબાને યાદ કરવા પડતા નથી. બાબા સ્વતઃ યાદ આવી જાય છે. મનને મારો નહીં પણ સુધારો. એનું ભટકવાનું બંધ કરો. એક શિવબાબામાં બુદ્ધિનો તાર સદા લાગેલો રહેશે તો મન સ્થિર બની જશે.

## દાદીના સન્માનમાં લંડનમાં જાનકી ફાઉન્ડેશનની સ્થાપના

આધ્યાત્મિક અને ધાર્મિક લોકો માટેના સંગઠન કીપર્સ ઓફ વિઝ્ડમનાં દાદી સભ્ય હતાં. વિશ્વકક્ષાએ માનવ આવાસ અને પર્યાવરણની સમસ્યાઓથી સંબંધિત અનેક આધ્યાત્મિક રૂપથી દુવિધાગ્રસ્ત સ્થિતિઓના સમાધાન માટે આ સંગઠન કાર્ય કરે છે. દાદીજીની એમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી. દાદીજીના સન્માનમાં લંડનમાં જાનકી ફાઉન્ડેશન ફોર ગ્લોબલ હેલ્થ કેયરની સ્થાપના વર્ષ 1997માં કરવામાં આવી.

## દાદીજીની જીવનયાત્રા

2005માં અમેરિકાની કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા દાદીજીને 'કરેજ ઓફ કોન્સ્યસનેસ' એવોર્ડથી નવાજવામાં આવ્યા.

જૂન 2005માં 'કાશી હ્યૂમાનાટેરિયન' એવોર્ડથી નવાજવામાં આવ્યા.

1994માં દુનિયાના 60 થી વધુ દેશોમાં બાળકોને શીખવાડવામાં આવેલ 'લીવીંગ વેલ્યુઝ ઈન એજ્યુકેશન ઈનિશિયેટીવ'નો શુભારંભ યૂનિસેફની સાથે મળીને કરવામાં આવ્યો.

## દાદીજી દ્વારા લખેલાં પુસ્તકો

- વિંગ્સ ઓફ સોલ (2000, U.S.A.)
- પલ્સ ઓફ વિઝડમ (2000, U.S.A.)
- કમ્પેનિયન ઓફ ગોડ (1999, U.K.)
- ઈન્સાઈડ આઉટ (2003, U.K.)
- સ્પીરીચ્યુલ ગ્રેટનેસ (2009, Australia)
- આઈ નો હાઉ ટુ લીવ, આઈ નો હાઉ ટુ ડાઈ (2015 U.K.)

## સ્વચ્છ ભારત મિશનનાં બ્રાન્ડ એમ્બેસેડર

બ્રહ્માકુમારીઝ સંસ્થા સમગ્ર વિશ્વમાં સાફ-સફાઈ અને સ્વચ્છતાને લઈને વિશેષ પ્રસિદ્ધિમાં છે. દેશમાં સ્વચ્છતાને ઉત્તેજન આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દાદી જાનકીજીને સ્વચ્છ ભારત મિશનનાં બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યાં હતાં. દાદીજીના નેતૃત્વમાં સમગ્ર ભારતવર્ષમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યાં હતાં.

યોગશક્તિનાં ઉદાહરણ, અદ્‌ભુત, અદ્વિતીય, વિશ્વસનીય વ્યક્તિત્વ ધારણ કરનાર 104 વર્ષીય રાજયોગિની દાદી જાનકીજી હવે રહ્યાં નથી. એમણે 27 માર્ચ, શુક્રવાર સવારે 1.30 કલાકે માઉન્ટઆબુની ગ્લોબલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની મુખ્ય પ્રશાસિકા દાદી જાનકીના દેવલોક ગમનથી ભારત સહિત વિશ્વભરમાં શોકની લહેર છવાઈ ગઈ. શુક્રવારે બપોરે શાંતિવનમાં એમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

તા 09-04-2020 દાદીને અવ્યક્ત થયે તેર દિવસ થયા. શાંતિવનમાં દાદીની સ્મૃતિમાં દાદીની ઈચ્છા મુજબ સાદગીથી સ્મારક 'શક્તિ સ્તંભ' બનાવવામાં આવ્યું છે. વિશ્વના અનેક લોકો અહીં આવીને પ્રેરણા મેળવશે, જીવન ધન્ય બનાવશે.

## દાદીજી અવ્યક્ત થયા પછી



**રાજયોગિની**
**દાદી હૃદયમોહિનીજી,**
મુખ્ય પ્રશાસિકા,
શાંતિવન, આબુ રોડ



**રાજયોગિની**
**દાદી રતનમોહિનીજી,**
અધિક મુખ્ય પ્રશાસિકા,
શાંતિવન, આબુ રોડ




**રાજયોગિની**
**દાદી ઈશુજી,**
સંયુક્ત મુખ્ય પ્રશાસિકા,
શાંતિવન, આબુ રોડ

## અમૃતધારા

# જીવન જીવવું તો કેવી રીતે ?

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



**02-03-2009 -** સર્વશક્તિવાન મારા સાથી છે. માતા, પિતા, સખા, સ્વામી, સતગુરુ છે. આ માત્ર ભાવના જ નથી એનો પ્રેકટિકલ અનુભવ છે. દેહના સંબંધો તો વિનાશી છે. આજ નહીં તો કાલ તેઓ આપણા રહેશે નહીં. આપણે પણ તેમના રહીશું નહીં. જ્યારે અર્થી ઉઠે તો ના આ મારું ઘર રહેશે. ના સંબંધી રહેશે. જેને મારા સમજીએ છીએ તે તરત જ શબને ઘર બહાર કાઢશે. **મારા તો એક (પરમાત્મા) બીજા ના કોઈ** હું જ્યારે શરીર છોડીશ તો મારા એક જ સાથી હશે. જીવવા છતાં સૌને છોડી બેઠી છું. કહું છું. ના તૂ મારી, ના હું તારી.

**26-03-2009 -** મેં મારું વીલ (વસિયતનામું) લખી દીધું છે. હું શરૂઆતથી જ **ઈકોનોમી અને એકનામી** (પરમાત્મા)ની રીતે ચાલી છું. એક પણ રૂપિયો મારી અર્થી પર ખર્ચ ના થાય. મારે કોઈ ફૂલમાળા ના જોઈએ. સદા ધ્યાન રહ્યું છે હું અને મારા બાબા, ત્રીજું કોઈ વચ્ચે આવી જ ના શકે. જેમ બાબાએ કહ્યું છે જો ત્રીજો વચ્ચે આવી જશે તો ત્રીજું નેત્ર બંધ થઈ જશે. તો સદા એ ધ્યાન રહ્યું છે કે **મારી વચ્ચે ત્રીજું કોઈ આવી ન શકે.**

**09-01-2014 -** એક મિનિટ, એક સેકંડ પણ એ ફીલીંગ આવતી નથી કે હું આત્મા એકલો છું. દેહથી પણ ન્યારી છું. મીઠા બાબાએ જનક નામથી પાકું કરાવી દીધું. ટ્રસ્ટી અને વિદેહી. ટ્રસ્ટીપણામાં જરા પણ હું સમજતી નથી. સદા ધ્યાન રાખ્યું છે કે ના સેન્ટર મારું છે. ના સ્ટુડન્ટ મારા છે. મારું કોઈ નથી. મેં શું કર્યું છે ? હા એટલું જરૂર છે **એક બળ એક ભરોસા. નિશ્ચયબુદ્ધિ વિજયંતી.** જે બનવાનું હતું તે થયું. માત્ર સંકલ્પ એ હોવો જોઈએ. થયું, થઈ ગયું. બાબાએ કર્યું, કરાવ્યું એમાં માત્ર મારી ભાવના રહી. ભાવનાથી જ સમગ્ર વિશ્વની સેવા થઈ રહી છે.

**21-09-2014 -** બાબાએ સૌનાં નામ બદલી દીધાં પણ મારું નામ બદલ્યું નહીં. મને કહ્યું જનક અર્થાત્ વિદેહી રહેવાની પ્રેક્ટિસ અને ટ્રસ્ટી. વિદેહી રહેવું અર્થાત્ અશરીરી બનીને રહેવાનો અંદરથી એવો અભ્યાસ કરવાનું મને યાદ રહે છે. કાર્ય વ્યવહારમાં આવવા છતાં પણ કઈ રીતે ન્યારા રહેવું. જ્યારે હું વિદેશ ગઈ તો બીજું કંઈ નહીં **ડોન્ટ વરી, નો પ્રોબ્લેમ**, આ પાઠ પાકો કર્યો.

**24-09-2015 -** મને ખુશી છે કે મેં જનક નામની લાજ રાખી છે. કદી મેં એવું નથી કહ્યું કે આ મારું છે. મારું કંઈ નથી **મેરા તો એક બાબા દૂસરા ન કોઈ**. અમારાં સૌ ભાઈબહેનોએ આ મંત્ર સારી રીતે પાક્કો કર્યો. મારા મનમાં એ ભાવના હતી કે **મારે ટ્રસ્ટી અને વિદેહી બનવું છે.** મરવું જીવવું કોઈ વાત થોડી છે. પણ મરવું છે તો કઈ રીતે? જીવવું છે તો કઈ રીતે ? સદા આ વાતનું ધ્યાન રાખ્યું છે.

**22-08-2015 -** આજે સવારે મરવાની તૈયારીમાં હતી અર્થાત્ મારી અંતિમઘડી એવી હોય, આવી મારી સ્થિતિ હતી. મારી વાત સાંભળો ને. આપ કહેશો આવું ના બોલો. મેં કહ્યું તૈયાર

(અનુસંધાન પેજ નં. 08 પર)

# જાનકી દાદીજીની અંતિમ અવસ્થા અંગે પ્રત્યક્ષ અનુભવ

બ્ર.કુ. હંસાબેન, શાંતિવન, આબુ રોડ.

ફેબ્રુઆરી-માર્ચ 2020 દરમિયાન દાદીજીની અવસ્થા અંગે હંસાદીદીનો પ્રત્યક્ષ અનુભવ -

આપણે સૌ 'ડ્રામા' શબ્દ ઘણા સમયથી સાંભળતા આવ્યા છીએ. શબ્દોમાં બોલી દઈએ છીએ 'ડ્રામા'. પરંતુ તે ડ્રામામાં આપણે પોતે જ્યારે પાર્ટ બજાવતા હોઈએ છીએ ત્યારે, તેની લાગણી કંઈક અલગ જ હોય છે. છેલ્લા છ મહિના અગાઉથી જ જાનકીદાદીની તબિયત ઢીલી રહેતી હતી. અવ્યક્ત બાપદાદાની પધરામણી સમયે હોલમાં સર્વના સન્મુખ આવવાનો દાદીજીનો ચાન્સ ઘણીવાર નહોતો બની શકતો. મને સંકલ્પ ચાલતો હતો કે, દાદીજીની નાજુક તબિયત હોવાથી શા માટે ખેંચીને (જબરજસ્તી પરાણે) લઇ જવા?

દાદીજી અમને કહેતા હતા કે, 1લી જાન્યુઆરી, મારો 104 મો જન્મદિવસ આવી રહ્યો છે. દાદીજીએ અમને પાક્કું કરાવ્યું હતું કે, મારો જન્મદિવસ મનાવવો નહીં. જન્મદિવસની ઉજવણીમાં બેન્ડવાજા, હારતોરા લાવવા એ દાદીજીને પસંદ ન હતું. મેં દાદીજીને નિશ્ચિંત કર્યા હતા કે, આપનો જન્મ દિવસ ધૂમધામથી નહીં ઉજવીએ. ફક્ત કલાસ જ રાખીશું. મોટા કાર્યક્રમ દરમિયાન ભાઈ-બહેનોનું વારંવાર ઊઠવા-બેસવાનું, દાદીજીનું પ્રવચન ચાલતું હોય ત્યારે વચમાંજ ટોલી આપવાનું વગેરે ચાલુ કરી દે છે. અને તેમાં આધ્યાત્મિકતા દેખાતી નથી. જે દાદીજીને બિલકુલ પસંદ ન હતું.

જાન્યુઆરી 2020માં દાદીજીનો કર્ણાટકનો પ્રોગ્રામ બનાવ્યો હતો. જન્મ દિવસ બાદ પણ દાદીજીની તબિયત ઉપર-નીચે રહેતી હતી. હું દાદીજીને કાનમાં પૂછતી કે, દાદીજી આપની તબિયત બરાબર રહેતી ન હોવાથી કર્ણાટકનો પ્રોગ્રામ કેન્સલ કરી દઉં? દાદીજી જણાવતાં કે, સમય પર બાબા મને ઠીક કરી દેશે. મેં મારી આંખોથી પ્રત્યક્ષ અનુભવ કર્યો કે પ્રવાસના આગલા દિવસે દાદીજીની તબિયત ઢીલી હોવા છતાં પ્રવાસના દિવસે દાદીજી મને પૂછતા કે આજે જવાનું છે ને ! મને આશ્ચર્ય થતું હતું. બાબા પ્રવાસના દિવસે દાદીજીના રથને ઠીક (સ્વસ્થ) કરી સેવા કરાવી જ લેતા હતા. **દાદીજીની એક આંખમાં ડ્રામા, બીજી આંખમાં બાબા રહેતા હતા.** સમય પર તૈયાર થઈ જતા હતા. દાદીજીને યજ્ઞનો ખૂબ ખ્યાલ રહેતો હતો. દાદીજી કહેતા- યજ્ઞમા કંઈક આવશે ને! કમાણી થશે. દાદીજીના રગ-રગમાં યજ્ઞનો ખ્યાલ રહેતો હતો. કર્ણાટકમાં 80 કન્યાઓનો ભવ્ય સમર્પણ સમારોહ થયો હતો. મોટેભાગે દરેક જગ્યાએ 30-40 કન્યાઓનો સમર્પણ સમારોહ થતો હોય છે. આ બાબતમાં કર્ણાટકવાળા પૂરા માર્ક્સ લઈ ગયા. રીટ્રીટ સેન્ટરનું ઉદ્દ્ઘાટન, ભૂમિપૂજન જેવા મોટા કાર્યક્રમોમાં જ દાદીજીને લઈ જતા હતા.

જાન્યુઆરી 27-28 તારીખે દાદીજીને પૂના લઈને ગયા હતા. શરૂઆતથી પૂના દાદીજીની કર્મભૂમિ હતી. અંતમાં પણ દાદીજી દ્વારા પૂનામાં બહુ જ સેવા થઈ. પૂનાથી પાછા આવ્યા બાદ બાથરૂમમાં દાદીજી પડી ગયા હતા. જેમાં બહુ મોટી ઇજા ન હતી થઈ. પરંતુ ત્યારબાદ પેટનો પ્રોબ્લેમ શરૂ થયો. નિર્વૈરભાઈને આ અંગે જાણ કરી, દાદીજીને અમદાવાદ લઈ ગયા. નિર્વૈરભાઈ એ રજા આપતાં જણાવ્યું કે અમદાવાદમાં સારવાર કરાવી

જલ્દીથી સાજા થઈને પાછા આવી જશો. દાદીજીને અમદાવાદ હોસ્પિટલમાં લઈ ગયા. ગેસ્ટ્રોલોજીસ્ટ ડોક્ટર ભલ્લા તથા ડોક્ટર ડુમરાએ દાદીજીને તપાસીને જણાવ્યું કે, દાદીજીને બહુ જ તકલીફ થઈ રહી છે. ઇન્ફેક્શન ઘણું વધી ગયું છે. આથી ICU માં લઈ ગયા. એન્ટીબાયોટિક દવા આપી. દાદીજી ઢીલા પડતા જતા હતા. અમે તેઓને એવી અનુભૂતિ ન થવા દીધી કે તેઓ (દાદીજી) હોસ્પિટલમાં છે. તે રૂમમાં ટીવીમાં Awakening ચેનલ ચાલુ રાખતા તથા દાદીજીના કાનમાં ઈયર ફોન ભરાવીને રાખતા. ટીવીમાં નિર્વેરભાઈ, શીલુબેન વગેરેનો ક્લાસ સાંભળતાં, તેઓના ચહેરા પર પ્રસન્નતા દેખાઈ દેતી હતી.

રાજુભાઈ દાદીજીની તબિયતના સમાચાર પૂછતા મેસેજ મોકલવા જણાવેલ. અમે દાદીજીના સ્વમુખ દ્વારા આપેલ ઓડિયો વિડિયો મેસેજ તૈયાર કરી બધે મોકલતા. ત્રીજા દિવસે દાદીજીના મુખ દ્વારા ઓમશાંતિ સ્પષ્ટ રીતે સંભળાયેલ. જ્યારે પણ રાજુભાઈનું નામ લેતા ત્યારે દાદીજીએ ક્યારેય પણ ના નહોતી પાડી. તેઓને વિશ્વાસ હતો કે તે સમગ્ર વિશ્વમાં મારો મેસેજ તરતજ મોકલી દેશે. દાદીજીને હોસ્પિટલમાં રહેવું પસંદ નહોતું. હોસ્પિટલ અને ઘરમાં ફેર તો હોય જ ને ! હોસ્પિટલમાં ત્યાંના નિયમોના કારણે આપણા હાથ બંધાયેલા રહે છે. મેં ડોક્ટરને જણાવ્યું કે, બાજુમાં જ સેન્ટર છે. દાદીજીને ત્યાં લઈ જઈએ. ડોક્ટરે કહ્યું કે ત્યાં લઈ જઈને શું કરશો? દાદીજીને હોસ્પિટલની તથા ડોક્ટરની જરૂર છે. મેં તાત્કાલિક સેન્ટરમાં એક રૂમમાં ICU તૈયાર કરાવી દીધું. તથા ગ્લોબલ હોસ્પિટલમાં સેવા આપતા ડો. હીનાને તાત્કાલિક અમદાવાદ આવવા જણાવ્યું. તેઓ તરત પહોંચી ગયા. ડોક્ટરને જણાવી દાદીજીને 17 ફેબ્રુઆરીએ મેમનગર સેવાકેન્દ્રમાં લઈ ગયા. દરેકનો દાદીજી પ્રત્યે ખૂબ સ્નેહ-પ્યાર હતો. ત્રણ દિવસ પછી દાદીજીની તબિયત ખૂબ નાજુક બનતી ગઈ. શ્વાસની તકલીફ વધી ગઈ. બે વાર હોસ્પિટલમાં એડમિટ થયા અને બે વાર ડિસ્ચાર્જ લીધું. 17 માર્ચ 2020ના દિવસે એવું લાગ્યું કે, દાદીજી જઈ રહ્યા છે. ડોક્ટરો પણ દાદીજીને મળવા વારંવાર આવતા હતા. તેઓ પૂછતા દાદીજી તબિયત કેવી છે? દાદીજી મારી તરફ આંગળી કરતા. ડોક્ટરો દાદીજીની પાસે ચુંબકની જેમ ખેંચાઈને આવતા હતા. જેમ કે મોટા ગુરુ છે તે રીતે દાદીજીના ચરણ સ્પર્શ કરતા હતા. દાદીજીનો હાથ પોતાના મસ્તક પર રાખી આશીર્વાદ લેતા હતા. ખૂબ કાળજી લેતા હતા. ડોક્ટર્સ જણાવતા કે 80 વર્ષથી ઉપરના દર્દીની સારવાર કેવી રીતે કરવી તેનું સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ 100 વર્ષથી ઉપરના દર્દીની સારવાર કેવી રીતે કરવી તે અમારી પણ સમજણમાં નથી આવતું.

માર્ચ 17 2020ના દિવસે દાદીજીની તબિયત ખૂબ નાજુક બની ગઈ હતી. જ્ઞાન સરોવરથી જયંતીબેનને તાત્કાલિક અમદાવાદ બોલાવ્યા. બધા સેન્ટરો પર પણ મેસેજ આપ્યો કે દાદીજીની તબિયત ક્રિટીકલ હોવાથી બધા અખંડ યોગ કરે. દાદીજી હંમેશા એવું કહેતા કે, 5 ટકા દવાઓ કામ કરે છે, બાકી બધાની દુઆઓ મારા શરીરને ચલાવી રહી છે. દાદીજીને જિંદગીમાં પહેલીવાર બાઈપાઈપ ચઢાવવામાં આવ્યા. દાદીજીને તે પસંદ નહોતું. દાદીજી મને તથા **રાજુભાઈને ઘણી વાર કહેતા વીલ લખો. મારા શરીરને અંતિમ સમયે ઓક્સિજનની નળીઓ ન ચઢાવવી. મારે હોસ્પિટલમાં શરીર નથી છોડવું. દાદીજીના વિચારો સ્પષ્ટ હતા કે, જીવું તો કેવી રીતે જીવવું અને મરું તો કેવી રીતે મરવું.**

18 માર્ચ 2020 રાત્રે નાના બાળકની જેમ દાદીજીને ટીપે-ટીપે પાણી પીવડાવ્યું. દાદીજીએ મારા ચહેરા પર હાથ ફેરવ્યો તથા મને ભેટી પડ્યા. રાત્રે 10 વાગે કેતનભાઇ મારી સાથે હતા તથા ડો. પૂજા આવવાના હતા. હું કેતનભાઇ સાથે મેમનગર સેન્ટર પર આવી ગઈ. રાત્રે 10-30 વાગે શ્રીદેવી ને જણાવ્યું કે દાદીજી અંદરથી કહી રહ્યા છે કે, મને અહીંથી લઈ જાઓ. સવારે 3 ત્રણ વાગે સ્નાન કરીને હું હોસ્પિટલ પહોંચી અને ડોક્ટર સુધીર શાહને જણાવ્યું કે, આજે હું દાદીજીને આબુ લઈ જઈ રહી છું. તેઓએ પૂછ્યું કે કેટલા વાગે લઈ જવા છે? મેં જણાવ્યું કે, બપોરે 12 વાગે ડોક્ટર ડુમરા આવી જાય, ત્યાર પછી લઈ જઈશું. બપોરે 12 વાગે ડો. બનારસીભાઈ, ડો. ડુમરા તથા અન્ય ડોક્ટર્સની હાજરીમાં ICU એમ્બ્યુલન્સમાં દાદીજીને લઈને માઉન્ટઆબુ તરફ રવાના થયા. મેં તેઓને જણાવેલ કે દાદીજીને વેન્ટિલેટર પર નથી રાખવા. બધાએ તે મંજૂર રાખ્યું. અમદાવાદથી આબુ તરફના રસ્તા દરમિયાન સતત હું બાબાને કહેતી રહી કે, બાબા દાદીજીને આબુ પહોંચાડી દો. કારણ કે દાદીજીનું શરીર હોસ્પિટલમાં પણ છૂટી શકે તેમ હતું, રસ્તામાં પણ છૂટી શકે તેમ હતું. જો તેમ થયું હોત તો હું મારી જાતને ક્યારેય પણ માફ ન કરી શકત. દાદીજીને માઉન્ટઆબુ ગ્લોબલ હોસ્પિટલમાં લઈને ગયા. જ્યાં તેમના શરીરને ભીના કપડાંથી એકદમ સરસ રીતે સ્વચ્છ કર્યું. જેથી હોસ્પિટલના જીવાણુ વગેરે નીકળી જાય. ફીઝીયોથેરાપિસ્ટ ડોક્ટરે કસરત કરાવી.

ત્રીજા દિવસે દાદીજીને ઓક્સિજનની જરૂર ન હોવાથી ડોકટરે નળીઓ દૂર કરી. દાદીજી સ્વસ્થ બનતા ગયા. 26 માર્ચે દાદીજીને નાકની એક જ નળી લગાડેલ હતી. જે દ્વારા ફીડિંગ કર્યું. બધાને લાગ્યું કે, દાદીજી ઠીક થઈ રહ્યા છે. પરંતુ ડ્રામાનો તથા દાદીજીનો અને બાબાનો પોતાનો પ્લાન હતો. અમદાવાદથી આબુ જતા સમયે ભારત બંધ ન હતું. જો તે સમયે દાદીજીએ શરીર છોડ્યું હોત તો ટ્રક ભરી-ભરીને કુલો આવી જાત. દાદીજીને આ બધું પસંદ ન હતું. તેઓ આ બાબતોથી ઘણા ઉપરામ હતા. રાત્રે દાદીજીનું પેટ ઉછળવા લાગ્યું, શ્વાસ ભારે થતો ગયો. હું દાદીજીને ભેટી પડી. રડતા રડતા કહેવા લાગી દાદીજીના જાવ. પરંતુ દાદીજીની આત્માએ ડ્રામા અનુસાર નશ્વર દેહનો ત્યાગ કર્યો.

બાબા દાદીઓને નિમિત્ત બનાવે છે. જેમના જીવન દ્વારા આપણે અનુકરણ કરી શકીએ છીએ. દાદીજીએ પોતાના જીવન તથા કર્મો દ્વારા મને ઘણું બધું શીખવ્યું હતું. મને યોગ્ય બનાવી. દાદીજીએ મને જણાવેલ કે, ક્યારેય પણ હું એકલી છું એ અનુભવ ન કરતી. હું તારી સાથે જ છું. દાદીજીની અંદરની ઇચ્છા હતી કે, શક્તિભવનનો દરવાજો ક્યારેય બંધ ન થવો જોઈએ. જેમની પણ ઇચ્છા હોય, તે ભલે મળવા આવે. ઘણા લોકો એવું વિચારતાં હતાં કે, વિદેશનાં દાદી છે. નજીક જઈ શકાય! દાદીજી એમ કહેતાં કે હું વિદેશની દાદી નથી, સમગ્ર વિશ્વનાં દાદી છું. બડીદાદીને હું કહેતી કે, આ મારા દાદી છે. તો બડીદાદી મને વઢતા કે, ફક્ત તારા દાદી નથી, વિશ્વનાં દાદી છે. દાદી શું હતા તે પ્રેક્ટીકલ આંખોથી જોવાનો તથા અનુભવ કરવાનો મને મોકો મળ્યો. છેલ્લા 4 વર્ષથી મધુવનમાં દરેક ડિપાર્ટમેન્ટમાં (સ્પાર્ક વિભાગ, રાજુભાઈ, ભંડારા વગેરે) દાદીજી બધાને મળતા. ભંડારામાં ખાવાનો તથા ખવડાવવાનો બહુ જ પ્રિય વિષય દાદીજીનો હતો. ભાઈઓને મુખમાં ટોલી ખવડાવતા. બધા શાંતિવનના ભાઈ બહેનો ખેંચાઈને યોગ કરવા માટે આવે છે. દાદીજી નિમિત્તે

(અનુસંધાન પેજ નં. 08 પર)

# આદરણીય જાનકી દાદીજી નિમિત્તે ભોગ સંદેશ

**27 માર્ચ થી 9 એપ્રિલ 2020 દરમિયાન શશીબહેન - પાંડવભવન, રુકમણિબહેન - શાંતિવન તથા મોહિનીબહેન - ન્યૂયોર્ક દ્વારા પ્રાપ્ત વિવિધ ભોગના સંદેશાઓનો સાર -**

દાદીજીને પૂછ્યું - આપ અચાનક આ રીતે શા માટે વતનમાં ચાલ્યા ગયા ? દાદીજીએ ઉત્તરમાં જણાવ્યું કે - મારું આ શરીર રોજ-રોજ ખેલ કરતું હતું. હું બાબાને કહેતી હતી કે, બાબા હવે આ શરીર સાથ નથી આપી રહ્યું. તેથી બાબાએ મને વતનમાં બોલાવી દીધી. બાબાએ દાદીને કહ્યું કે, અત્યારે એડવાન્સ પાર્ટીનાં પણ ઘણાં એવાં કાર્ય બાકી રહેલાં છે, જેમાં યોગદાન આપવા માટેની તથા વિશ્વ પરિવર્તનના કાર્યમાં તીવ્રતા લાવવાની જવાબદારી બાબા આપને સોંપી રહ્યા છે.

મોહિનીબહેને બાબાને પૂછ્યું, બાબા, દાદી અચાનક કેવી રીતે જતાં રહ્યાં? અમે તેઓને વિદાય આપવા માટે પણ ન પહોંચી શક્યા. આવું તો અગાઉ ક્યારેય બન્યું નથી. બાબાએ જણાવ્યું કે આમાં પણ બહુ મોટું રહસ્ય છે. વર્તમાન સમય ઘણો નાજુક ચાલી રહ્યો છે. માટે સાકારમાં તો પહોંચવું શક્ય ન હતું. આવા સમયે આપ સર્વ બાળકોનો બુદ્ધિયોગ બાબાની સાથે હોવો જોઈએ. તથા દરેકે પોતાના ફરિશ્તા સ્વરૂપમાં જ રહેવાનું છે. ત્યારે તો તમે સૌ દાદીને મળી શકશો. અને દાદીનું વતનમાં હોવું પણ જરૂરી છે.

વતનમાં એડવાન્સ પાર્ટીની સભા ભરાઈ હતી. સર્વ જૂનાં દાદીઓ જાનકીદાદીને વતનમાં જોઈને ખુશ થઈ ગયાં. બધાનો ઉમંગ-ઉત્સાહ વધી ગયો. બધા આપસમાં (અંદરો અંદર) વાત કરવા લાગ્યા કે, હવે સતયુગી નવી દુનિયા બ્રાહ્મણો માટે ખૂબ નજીક છે.

**દુનિયાની વર્તમાન નાજુક પરિસ્થિતિમાં બ્રાહ્મણોના પુરુષાર્થ અંગે જાનકીદાદીજીના ઇશારા.**

1 હંમેશા એકનામી અને ઇકોનોમીનો પાઠ પાકો કરશો.

2 સમય પ્રમાણે હવે પ્રકૃતિએ સર્વને તપસ્યા કરવા માટે જાગૃત કરી દીધાં છે. બ્રાહ્મણોએ પુરુષાર્થમાં નવીનતા લાવવાની છે. સ્વ પરિવર્તન દ્વારા વિશ્વ પરિવર્તન કરવાનું છે. હવે જે કાર્ય બાકી રહેલું છે તેને જલદી જલદી પૂરુ કરવાનું છે.

3 'એક બલ એક ભરોસા', 'હું તથા મારા બાબા'. હંમેશા બાબાને સાથી બનાવી, બાબાનો હાથ પકડી બાબાના કદમ પર કદમ રાખી ઉડતા રહેશો.

4 વિશેષ પોતાનો પુરુષાર્થ કરવા માટે તથા તપસ્યા કરવા માટે બ્રાહ્મણ બાળકોને સમય મળ્યો છે. વર્તમાન સમય અનુસાર બ્રાહ્મણ બાળકોમાં યોગની શક્તિ જરૂરી છે. શાંતિવનના વાઈબ્રેશન એવા પાવરફૂલ હોય કે, જેથી અહીં આવનાર સર્વ એવો અનુભવ કરે કે, સાચે જ આ સ્થાન પર કોઈ પાવરફુલ શક્તિ મળી રહી છે.

**દુનિયાની વર્તમાન નાજુક પરિસ્થિતિમાં બ્રાહ્મણ બાળકોના પુરુષાર્થ અંગે બાબાના ઇશારા.**

1 અત્યારે પ્રકૃતિ પણ પોતાના કાર્યને પૂરું કરવા માટે પોતાનું રૂપ દેખાડી રહી છે. આગળ ઉપર આ પરિસ્થિતિઓ દ્વારા પણ સેવાનું સ્વરૂપ બદલાશે અને પ્રત્યક્ષતા થશે. બ્રાહ્મણ બાળકો

વિશેષ યોગની શક્તિ દ્વારા પ્રકૃતિને સકાશ આપી રહ્યા છે.

2 વર્તમાન સમયે દુનિયાની દૃષ્ટિએ જે પરિસ્થિતિઓ છે તેમાં બાબાના બાળકોને કંઈ થવાનું નથી. તમારે હાલ જે બાબતો સામે આવેલ છે તેને પોતાની શક્તિઓના આધારે, તમારી પાસે જે જ્ઞાન-યોગના હથિયાર છે તેનાથી સમાપ્ત કરવાની છે.

3 વર્તમાન પરિસ્થિતિઓ બ્રાહ્મણ બાળકોની અવસ્થા અચલ-અડોલ બનાવવા માટે આવેલ છે.

4 પ્રકૃતિએ સર્વ બાળકોને એકાંતવાસી બનાવીને એક સ્થાન પર બેસાડી દીધા છે. આ પરિસ્થિતિને પૂર્વવત થવામાં થોડો સમય તો લાગશે, કારણ કે દેશ-વિદેશ તમામ સ્થળોની અર્થવ્યવસ્થા ઉપર-નીચે થઇ ગઇ છે.

5 બ્રાહ્મણ બાળકોના સંકલ્પ ચાલી રહ્યા છે કે, દાદીના ગયા પછી યજ્ઞનું, સેન્ટરનું શું થશે? પરંતુ આ તો બાબાએ સ્થાપન કરેલ યજ્ઞ છે. બાબા કોઈને પણ નિમિત્ત બનાવીને યજ્ઞ ચલાવશે. આ પરિસ્થિતિ સર્વ બ્રાહ્મણોને પાઠ શીખવાડવા માટે, એલર્ટ કરવા, ડગમગ સ્થિતિને અચલ બનાવવા માટે આવેલ છે. જેના દ્વારા જ્ઞાનને છોડીને ગયેલ આત્માઓ પણ જાગૃત થશે. તેઓ પણ કહેશે કે બાબાએ જે કહ્યું હતું તે સમય હવે આવેલો છે. વિપરીત સમય તો આવેલો છે, એ જતો પણ રહેશે. તો બ્રાહ્મણોએ પોતાના નિશ્ચયના આધારે અટલ રહેવાનું છે.

6 અત્યારે બાળકોએ વાતાવરણને ખૂબ પાવરફૂલ બનાવવાનું છે. જે રીતે શરૂઆતમાં યજ્ઞમાં બાબાએ પોતાના બાળકોને અંદર રાખ્યા. બહાર દુનિયામાં ભલે કંઈ પણ થતું હતું, અંદર બધા સલામત હતા. તે જ રીતે બાબાના બાળકો જ્યાં પણ છે, બાબાની તથા મહારથીઓની, દાદીઓની છત્રછાયામાં રહીને પોતાને ખૂબ શક્તિશાળી તથા ભરપૂર બનાવવાનો પુરુષાર્થ કરવાનો છે.

7 વર્તમાન સમયે બે પ્રકારના પુરુષાર્થ ખૂબ જરૂરી છે. **(અ)** બુદ્ધિયોગ બાબાની સાથે હોય. **(બ)** ફરિશ્તા સ્થિતિનો અભ્યાસ હોય. હજુ ટેન્શન વધવાનું છે. આવા સમયે બાળકો ઘરે હોય કે સેન્ટર પર હોય વધુમાં વધુ સમય તપસ્યા કરવાની છે. અત્યારે તમે જે કરી રહ્યા છો તે ભવિષ્ય માટે પૂરતું નથી. યોગ પણ ફક્ત ચાલતા-ફરતા નહીં પરંતુ ભટ્ઠીના રૂપે કરવાનો છે. અમૃતવેલા તથા દિવસમાં શક્ય તેટલો વધુ સમય વિધિપૂર્વક બેસીને યોગ કરવાની જરૂર છે. યોગમાં વિશેષ બાબાની શક્તિઓને પ્રાપ્ત કરવાની છે. એમાં વિદેહી, અશરીરી તથા ફરિશ્તા સ્થિતિનો અભ્યાસ જરૂરી છે. યોગના સમયે મનસા સેવા વિશે વિચારવાની જરૂર નથી, કારણ કે જ્યારે તમે તપસ્યા કરશો, શક્તિઓ જમા કરશો તો બીજાને સ્નેહ તથા શક્તિના વાઈબ્રેશન સ્વતઃ પ્રાપ્ત થશે. ઘણા બાળકો વિચારે છે કે અમારે મનસા સેવા કરવી જોઈએ. પરંતુ જે રીતે મીણબત્તી સળગાવીએ છીએ ત્યારે તે (મીણબત્તી) એવું નથી વિચારતી કે મારે પ્રકાશ ફેલાવવાનો છે. તે કામ તો સ્વતઃ થાય છે. તો આપ પણ પોતાની જ્યોતિ જગાવીને રાખો.

8 હજુ તો ખૂબ દુઃખ વધશે. તે દુઃખની લહેર આપને જરા પણ અસર ના કરે, એવું ત્યારે જ બનશે જ્યારે તમે બાબાની સાથે લવલીન

**(અનુસંધાન પેજ નં. 05 પર)**

### પ્રસન્નતાના પથ પર

# મેડીકલ કોન્ફરન્સ (જ્ઞાન સરોવર) 8-9-2019

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



ભાઈસાહેબે બતાવ્યું કે, ગઈકાલે સાંજે આપણાં દાદીજીને 104 વર્ષ પૂરાં થયાં છે. દાદીજીના લાંબા આયુષ્યનું રહસ્ય ફક્ત ઉંમરનું રહસ્ય નથી, પરંતુ લાંબી ઉંમરે પણ તેઓ કેવી રીતે જીવી રહ્યા છે તે અગત્યનું છે. બે દિવસ પહેલા તેઓ લંડનથી પરત આવેલ છે. અને છેલ્લા બે મહિનામાં તેમની લંડનની આ બીજી યાત્રા હતી. એક મહિના અગાઉ તેઓ લંડન ગયા, અને ત્યાંથી ન્યૂયોર્ક ગયા. ન્યૂયોર્કથી ફરી પાછા લંડન આવ્યા. પછી ભારતમાં માઉન્ટઆબુમાં આવ્યા. ત્યાર બાદ હૈદરાબાદ પ્રોગ્રામમાં ગયા. મેં કહ્યું કે, હું તો આટલું બધું ન કરી શકું, અને તેઓ 104 વર્ષની ઉંમરે પણ કરી શકે છે. આપણે જો એક મહિના માટે લંડન કે અન્ય દેશમાં કાર્યક્રમ માટે જઈએ છીએ, તો પરત આવ્યા બાદ 2-3 દિવસ આરામ કરવાની જરૂર પડે છે. પરંતુ તેઓને તેની જરૂર નથી પડતી. તેઓ શરીરનો અનુભવ નથી કરતા. તેઓ શરીરને એ મંજૂરી આપતા નથી કે તે થાકેલું છે કે નહીં, પરંતુ પોતાના શરીરને તેઓ એમ જણાવે છે કે, તેઓ શરીર દ્વારા શું કરવા ઈચ્છે છે. અને તેમનું શરીર તે સાંભળે પણ છે. દાદીજી યોગી આત્મા છે. યોગીનો અર્થ જ છે જેઓએ પોતાના શરીર ઉપર સંપૂર્ણ વિજય મેળવેલ હોય. એવું ઘણીવાર બનેલું છે કે તેમના શરીરને કોઈ વાર કોઈક બીમારી આવી જાય અને બીજા જ દિવસે કાર્યક્રમમાં બહારગામ જવાનું હોય છે. ડોક્ટર તેમને જણાવે કે, શરીરને સારું થતાં બે-ત્રણ દિવસ લાગશે. આપે આવતી કાલનો પ્રવાસ અને કાર્યક્રમ કેન્સલ કરવો જોઈએ. તે સમયે તેઓ કંઈ બોલતા જ નહીં. કારણ કે ડોક્ટરનો અનાદર થયો ગણાય. માટે ફક્ત સાંભળીને હા હા કરીને પોતાના રૂમમાં જઈને સૂઈ જાય છે. બીજા દિવસે સવારે તેઓને કોઈ કાંઈ કહે એની પહેલાં જ કાર્યક્રમમાં જવા માટે તૈયાર થઈ જાય છે. કારણ કે તેઓએ મનોમન નક્કી કરી લીધેલું હોય છે જે તેઓએ કરવાનું છે. આવું અનેકવાર બનેલું છે. દાદીજી જણાવે છે કે મારું શરીર દવાઓના આધારે ચાલતું નથી, પરંતુ ભગવાનની અને બ્રાહ્મણ પરિવારની દુવાઓથી ચાલી રહ્યું છે. હું દવાઓના આધારે નહીં પરંતુ બધાના દુવાઓના આધારે ચાલી રહી છું. કારણ કે મેડિકલ સાયન્સ નથી કહેતું કે તેઓનું શરીર પરફેક્ટ અને તંદુરસ્ત છે. પરંતુ તેઓ પરફેક્ટ અને તંદુરસ્ત છે.

**દાદીજી :** અદભુત છે. (વન્ડરફુલ છે).

**શિવાનીબેન :** વન્ડરફુલ આપ છો. દાદીજી આપના અંગે બતાવી રહી છું.

**દાદીજી :** હું આપને જોઈ રહી છું. અને આપના મુખે આ શબ્દો સાંભળી રહી છું. આ ડોક્ટર્સ કોન્ફરન્સ રાખેલ છે. આપ પહેલા અહીં આવેલ છો? મેં ત્રણ વાર 'ઓમશાંતિ' શા માટે કહ્યું ?

**પ્રથમ 'ઓમશાંતિ'.** પોતાના માટે. હું આત્મા છું. હલકી છું... મન હલકું છે... શરીરથી ન્યારી છું.

**બીજું 'ઓમશાંતિ'.** પરમાત્મા માટે. બાબા માટે.

(અનુસંધાન પેજ નં. 23 પર)

# મીઠા દાદીજીના કદમમાં પદ્મ સમાયેલ છે.

રાજયોગિની બ્ર.કુ. ભારતીદીદી, ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ (રાજકોટ)



યજ્ઞના ઈતિહાસમાં 104 વર્ષ સુધી એક્ટીવ, એલર્ટ બની અથક સેવા કરનાર પ્રથમ ઉદાહરણ રૂપ, માર્ગદર્શક રહ્યા. આપણા સૌના મીઠા પ્યારા દાદીજી.

### અમારા લૌકિક પરિવાર સાથે શરૂઆતથી જ ગહન સંબંધ

અમે 3 બહેનો (નીમુદીદી, સરલાદીદી, ભારતીદીદી) મુંબઈ લૌકિક ઘરમાં હતા. નાનીમાનું ઘર અમારા ઘરની સામે જ હતું. લૌકિક નાનીમાંના ઘરે (માટુંગા) પાઠશાળા ચાલતી. જેમાં દાદીજી પણ અવાર-નવાર આવતા. જ્ઞાનની પાલના કરતા જેથી લૌકિક બા-બાપુજી, તીલુમાસી, નાની સાથે દાદીજીનો ખૂબ જ નજીકનો સંબંધ રહ્યો.

### શાંતિની મૂર્ત, સ્નેહની મૂર્ત, શક્તિની મૂર્ત

શિવબાબા તો કલ્યાણકારી, ગુણોના ભંડાર છે જ પરંતુ સાકારમાં બાબા-મમ્માને ફોલો કરનાર, મીઠા દાદીજીમાં શરૂઆતથી જ મેં શાંતિ, સ્નેહ, શક્તિની મૂર્તનો અનુભવ કર્યો. હું તો ઉંમરમાં ઘણી નાની હતી, જ્ઞાનના ગુહ્ય રહસ્યોની પણ ખબર ન હતી. પરંતુ દાદીજીની શક્તિશાળી દૃષ્ટિમાં જ એવો અનુભવ કર્યો કે ખરેખર આ કોઈ વિશ્વની મહાન હસ્તી છે.

### પ્યારા બાબાના પ્રતિમૂર્તિ

બાબા મમ્મા સમાન પાલના આપનારા દાદીજી માટે આજે શબ્દો પણ ઓછા પડે છે. જ્યારે પણ 'શક્તિભવન'માં દાદીજી પાસે જતી. પ્યાર ભરી દૃષ્ટિ આપતા દાદીજીના મીઠા બોલ આજે પણ કાનોમાં ગુંજી રહ્યા છે. 'કૌન ભારતી હૈ.. રાજકોટ વાલી.' આવો આવો. કેટલી અપનત્વની ભાવના, માનું વાત્સલ્ય.

એકવાર રાજકોટથી હું તલની ચીકી દાદીજી માટે લઈ ગઈ. એકદમ પાતળી ચીકી જોઈ, પ્રેમથી સ્વીકારી, થોડી ચાખી, દાદીજીના વરદાની બોલ - 'ભારતી, તેરે પાસ ક્યા તીલ કી ફેક્ટરી હૈ જો ઈતની ચીકી ભેજતી રહતી હો?' ખરેખર ઠંડી શરૂ થાય અને તલ એટલા આવતાં કે ખૂબ પ્રેમથી ચીકી અમે દાદીજીને મોકલતાં, તેઓ તે ચીકીને લંડન પણ મોકલતાં. જે મારું સદ્ભાગ્ય.

### યજ્ઞ પ્રતિ અગાઢ સ્નેહ

યજ્ઞ પ્રતિ દાદીજીનો અગાઢ સ્નેહ, પ્રેમ.. ઈકોનોમીથી ચાલી મધુવન મહાયજ્ઞમાં સફળ કરવાની પ્રેરણા અવાર-નવાર દાદીજી પાસેથી મળતી. એકવાર દાદીજીને મધુવનમાં મેં કહ્યું. દાદીજી, યજ્ઞ માટે થોડી અમાનત રાખેલ છે. હજુ મારી વાત પૂરી ન થઈ કે તરત દાદીજીએ કહ્યું.. 'અભી હી યજ્ઞ મેં સફલા કર દો.' મેં એક પળનો પણ વિચાર કર્યા વગર યજ્ઞમાં સફળ કર્યું કે બાબાએ તરત અનેકગણી સફળતા અપાવી. કમાલ પ્યારા દાદીજીના બોલની તાકાતની..

### કદમ - કદમમાં પદ્મ

એક વખત જે ભૂમિ પર દાદીજીના કદમ પડતાં તે ભૂમિ ધન્ય ધન્ય બની જતી... રાજકોટમાં દાદીજીના 3 વખત કદમ રહ્યા. 2003માં 'જ્યોતિદર્શન' ભવન ઉદ્‌ઘાટન અર્થે

દાદીજીનું આગમન થયું. અનેક VIPની સેવા થઈ. દાદીજીના કદમથી ખરેખર સેવામાં ચાર ચાંદ લાગ્યા. અનેક પ્રકારની નવી-નવી સેવાઓની પ્રેરણાઓ થકી આજ બાબાની ખીલતી ફુલવાડીની સુગંધ દાદીજીના કદમનો જ પ્રભાવ છે.

## દાદીજીના સંકલ્પથી જ હેપી વિલેજ રીટ્રીટ સેન્ટરનું નિર્માણ

એકવાર મધુવનમાં દાદીજી સાથે મુલાકાતમાં હું દાદીજીને સેવાઓની તથા સેન્ટરોની માહિતી આપી રહી હતી. ત્યારે દાદીજીએ મને કહ્યું, 'ભારતી, હમારી યે યુનિવર્સિટી હૈ સો બાબા કા એક ગાર્ડન જરૂર હોના ચાહિયે.' ત્યારે તો સ્વપ્નમાં પણ નહીં કે ખરેખર દાદીજીના બોલ સિદ્ધ થશે. દાદીજીના કર કમલો દ્વારા જ રીટ્રીટ સેન્ટરનું ભૂમિપૂજન પણ થશે.

રાજકોટ શહેરથી થોડે દૂર કસ્તુરબાધામ ત્રંબામાં હેપી વિલેજ રીટ્રીટ સેન્ટરના ભૂમિપૂજન અર્થે દાદીજીનો પ્રોગ્રામ ફાઈનલ થતાં જ ત્યાંનો ગ્રામ્ય રસ્તો દાદીજીના આગમન પૂર્વે કોઈપણ મહેનત વગર જાણે એકદમ સુંદર, સીધો તૈયાર થયો. સૌ કોઈ માટે આશ્ચર્યની બાબત બની ગઈ, સૌ કોઈના દિલનો અવાજ હતો. વાહ બાબા વાહ. વાહ દાદીજી વાહ. આપના કદમોમાં તો પદ્મ નહી પદ્મા-પદ્મની કમાણી સમાયેલી છે.

## ગુજરાતમાં દાદીજીના કદમ તથા સેવાઓની ઝલક

સન 1968માં શિવ સાગરની અનંત શક્તિઓ સાથે શાંત, શીતળ વહેતી નદી સમાન પ્યારા દાદીજીએ ગુજરાતની સેવાઓની શરૂઆત અમદાવાદની ધરા પર જ્ઞાન વર્ષાની શરૂઆત કરી. ત્યારે ગુજરાતમાં એક પણ સેન્ટર ન હતું. ત્યારબાદ ધીરે-ધીરે ગુજરાતનો ખૂણે-ખૂણો હર્યો-ભર્યો થયો.

સરલાદીદી સાથે અગાઢ રૂહાની પ્યાર હતો. સરલાદીદીજીના અવ્યક્ત થયા બાદ અમે 12 બહેનો શક્તિભવનમાં દાદીજીને મળ્યા. દાદીજીએ કહ્યું, સરલા કો બાબાને બુલા લિયા. ડ્રામા. ખરેખર દાદીજીના આ એક શબ્દમાં એટલી તાકત હતી કે સૌ બહેનોને પ્યાર ભરી દ્રષ્ટિ આપી નિશ્ચિંત - હલકા કરી દીધા.

વિશ્વને શાંતિનો સંદેશ આપનાર, શાંતમૂર્ત મીઠી મા વિશ્વના દરેક ખૂણાને શાંત કરી વ્યક્તથી અવ્યક્ત થયા. ગૌરવમયી ગુજરાતની ધરાને ધન્ય બનાવવામાં દાદીજીનો મહત્ત્વનો ફાળો રહ્યો. અનેકોના પાલનહાર રહ્યા. આજે પણ સૌ અનુભવી રહ્યા છે, દાદીજી આપણી સાથે જ છે અને હંમેશા રહેશે.

સમસ્ત ગુજરાત પરિવાર તરફથી પ્યારા મીઠા દાદીજીને શત શત નમન... ॥**ઓમશાંતિ**॥

---

**(પેજ નં. 29નું અનુસંધાન)... દિવ્યદર્શન**

આવી શકે તેમ ન હતું. દૂરાંદેશી દાદીજીને તો ખબર હતી કે સમાચાર મળતાં જ લાખો લોકો કરોડો રૂપિયાનો ખર્ચ કરી મધુવન આવશે. (આત્માએ તો બાબાના કરોડો રૂપિયાની બચત કરી ભાગ્ય જમા કરી લીધું.) અચાનક તથા એવરરેડ્ડી બનીને આત્મા સંસારમાંથી ઉડી જવાનો પાઠ પણ છેલ્લે - છેલ્લે અનંત યાત્રાએ પ્રયાણ કરતાં જતાં સૌને શીખવતા ગયા અને સંગમયુગનું સંભારણું સૌના માટે બની ગયા. દાદીજી આપને હૃદયના પુષ્પોથી શત શત નમન... સ્નેહ સુમન અર્પણ...

ગીત... તુમ સારે વિશ્વકી દાદીમાઁ હો... દાદી જાનકી તુમ યજ્ઞકી ચાહ હો... ॥**ઓમશાંતિ**॥

# નિખાલસ, સ્વાશ્રયી, સાદગી, સેવાભાવ અને તપસ્યા મૂરત

બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ.



આદરણીય દાદી જાનકીજીએ તા. 27 માર્ચ 2020ના રોજ સાકાર દેહત્યાગ કરી આ જગતમાંથી વિદાય લીધી. પરંતુ જેઓ દાદીમાને એક વાર પણ મળ્યા છે તેમના દિલમાંથી દાદીજી દૂર થઈ શકે તેમ નથી.

### બ્રહ્મમૂહુર્ત પરમાત્મા સાથે વાતો કરવી

1965ના દિવાળીના દિવસોમાં મારું પ્રથમ વખત દાદીજીને મળવાનું થયું હતું. પાલડી 2-બી, પ્રભુપાર્ક સોસાયટીમાં બ્રહ્માકુમારીનું કેન્દ્ર હતું. ત્યાં મને ઈશ્વરીય જ્ઞાન મળ્યું. કેન્દ્ર પર અવાર-નવાર જવાનું થતું હતું. દાદીજી કેન્દ્રના મોટા હોવા છતાં તેમની અંદર સાદગી અને સેવાભાવ ખૂબ જ હતો. દાદીજી અમને રસોઈ બનાવતાં શીખાવાડતાં હતા. બાબાને ભોગ કેવી રીતે સ્વીકાર કરાવવો તે પણ શીખવ્યું. સવારે 3.30 વાગે બ્રહ્મમૂહુર્તમાં પરમાત્મા સાથે સંબંધ જોડી એમની સાથે વાતચીત કરવાની કળા પણ દાદીમાએ શીખવાડી.

### અપને હાથોં સે અપના કામ કરને મેં મુઝે આનંદ આતા હૈ.

દાદીજીનું જીવન ખૂબ જ સ્વાશ્રયી હતું. પોતાનાં કપડાં પોતે જાતે ધોઈ લેતાં હતાં. પોતાની બેગ પોતે જ ભરતાં હતાં. પછી ભલે ને તેમની સાથે કોઈ હોય. એક વખત પંજાબની યાત્રા પર મારે દાદી સાથે જવાનું થયું. હું તો બહુ નાની, દાદીજી ખૂબ મોટા. દાદીજીની ઉંમર તે વખતે લગભગ 60 વર્ષની હશે. હું દાદીજીને બહુ આગ્રહ કરું કે દાદી હું આપનાં કપડાં ધોઈ નાખીશ અથવા હું આપની બેગ સેટ કરી આપું. પણ દાદીજી હંમેશા કહેતા કે નહીં ચંદ્રિકા, મુઝે અપના કામ અપને હાથોં સે કરને મેં આનંદ હૈ. દાદી સાથેના કેટલાક પ્રસંગોથી વાત વાતમાં ઘણું શીખવા મળ્યું છે.

### સેવા સે કભી ઈન્સાન થકતા નહીં હૈ

એક વખત હું અને એક અન્ય બ્રહ્માકુમારી બહેન દાદીજીને મળવા માટે ગયાં. દાદીજીએ અમને સેવા સમાચાર પૂછ્યા. મારી સાથેના બેને ખૂબ જ સારી રીતે સમાચાર સંભળાવ્યા અને છેલ્લે એમ બોલ્યા કે હું તો બહુ જ થાકી ગઈ. દાદીજીએ તરત જ કહ્યું, ‘દેખો બેન, તુમ મેરે સામને સે દૂર ચલી જાઓ. યહ દેહઅભિમાન કી ભાષા હૈ. દાદી કો યહ પસંદ નહીં હૈ. સેવા સે કભી ઈન્સાન થકતા નહીં હૈ. ઈસલિયે તુમ દાદી કો મૂંહ નહીં દિખાવો.’ તે ઘડી મારા જીવનની અંદરથી થાક શબ્દ નીકળી ગયો. મારી ડિક્ષનરીમાં કોઈ જગ્યાએ થાક શબ્દ નથી. આ પ્રત્યક્ષ રીતે એમના જીવનમાંથી શીખેલી બહુ મોટી વિશેષતા, જે મારા માટે એક મૂડી છે, ખજાનો છે.

### બાબા મિલનનું ખૂબ જ મહત્વ હતું

એક વખત જ્ઞાન સરોવરમાં યુથનો કાર્યક્રમ પૂરો થયો પછી મને એમ થયું કે નીચે શાંતિવનમાં દાદીમાને મળીને અમદાવાદ જવું. દાદીજીને મળવાનો ટાઈમ સાંજે લગભગ 5.00 થી 5.30નો હતો. અમદાવાદમાં પછી બે દિવસમાં લગભગ ત્રણેક મીટિંગનું આયોજન હતું. તેથી મોટે ભાગે હું નીકળી જ જવાની હતી એટલે હું દાદીજીને મળવા ગઈ. મેં કહ્યું કે દાદીજી હું અમદાવાદ જઈ રહી છું.

પણ તેમણે મને પ્રશ્ન પૂછ્યો કે ‘ચંદ્રિકા તેરે કો માલૂમ હૈ કિ દો દિન કે બાદ ક્યા હૈ?’ બે દિવસ પછી અવ્યક્ત બાપદાદાની પધરામણી થવાની હતી. એટલે મેં કહ્યું કે હા દાદી, બાબા કી પધરામણી હૈ. ત્યારે દાદીજીએ ટકોર કરતા કહ્યું, ‘તેરે કો ઐસા વિચાર નહીં આતા હૈ કિ, બાબા સે મિલકર કે હી જાના ચાહિએ.’ મેં તરત જ કહ્યું કે દાદી, ઠીક હૈ આપ કહતે હો તો મૈં રુક જાતી હું. દાદીને બાબા મિલનનું ખૂબ જ મહત્ત્વ હતું. દાદીજીના વચનોને હું બાબાના વચન સમજતી હતી. આજે પણ આદરણીય દાદી જાનકીજી, દાદી રતનમોહિનીજી, દાદી ગુલઝારજી, દાદી ઈશુજી મારા વડીલો છે. તેઓને બાબાના સ્થાન ઉપર જ સમજું છું. તેમના આદેશને જીવનમાં ઉતારવા માટે કોઈ પ્રશ્ન ના હોય કે કોઈ આર્ગ્યુમેન્ટ ના હોય. તેથી મેં મારી ત્રણે મિટીંગ ફોન દ્વારા કેન્સલ કરવા જણાવી અને રોકાઈ ગઈ. એ બે દિવસોમાં દાદીને વારંવાર મળવાના પ્રસંગો સાંપડ્યા. દાદીજી પાસેથી ખૂબ શીખવા મળ્યું.

## આ જીવનમાં મને બીજી વખત જન્મ આપ્યો

એક સમય હતો જ્યારે મને સોરાયસીસ નામની બીમારી હતી અને લગભગ દસેક વર્ષની તેની સારવાર લઈ રહી હતી પણ કોઈ ફેર પડતો ન હતો અને સોરાયસિસને કારણે તે સમયે હું હાથમાં અને પગમાં મોજા પહેરી રાખતી હતી. એક વખત માર્ચ મહિનામાં દાદીનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી સારવાર લેવા માટે લોટસ હાઉસ આવ્યાં હતાં. હું દાદીને મળવા ગઈ હતી. મેં હાથમાં મોજા પહેરેલાં હતાં તે જોઈને દાદીએ કહ્યું કે ચંદ્રિકા તને ઠંડી લાગે છે અત્યારે? એટલે આદરણીય સરલાદીદીએ દાદીને જાણ કરી કે દાદી, ચંદ્રિકાબેનને તો બહુ તકલીફ છે. દાદીએ તરત જ પૂછ્યું કે શું તકલીફ છે ? સોરાયસીસને કારણે મને એટલી વધારે તકલીફ હતી કે હાથમાં અને પગમાંથી લોહી નીકળતું હતું. દાદીએ હાથ અને પગના મોજા કઢાવીને બધું જોયું અને પછી કહ્યું કે ચંદ્રિકા તું આટલું બધું સહન કરી રહી છે છતાં મને ખબર પણ ના પડી. તાત્કાલિક સારવાર લેવા માટે કહ્યું. એ જ દિવસે દાદીને હોસ્પિટલમાં એટમીટ કરવાના થયા પરંતુ દાદી હોસ્પિટલમાંથી દર અડધા કલાકે ત્રણ વાર ફોન કરીને સરલાદીદી દ્વારા પૂછાવતા હતા કે ચંદ્રિકાએ સારવાર લેવાનું શરૂ કર્યું ? ત્યારે હું દાદીને કહેતી કે હું જરૂરથી એની સારવાર લઈશ. થોડા જ દિવસોમાં દાદી પાસે જ સમાચાર પહોંચ્યા કે આફ્રિકામાં એક ડોક્ટર છે અને તેમણે કહ્યું છે કે તે પોતે એની સારવાર કરી શકશે. દાદીએ તરત જ મને આદેશ આપ્યો કે ચંદ્રિકા તું જેટલું જલદી બને તેટલું જલદી જે પહેલી ફ્લાઈટ મળે એ લઈને તાત્કાલિક સારવાર લેવા માટે આફ્રિકા પહોંચી જા. દાદી તારી આ બીમારી જોઈ નથી શકતાં. આ દાદીની દૃષ્ટિની શક્તિ જ કહેવાય કે દાદીની દૃષ્ટિ પડી અને ડોક્ટર પણ મળી ગયા. મને આ બીમારીમાંથી મુક્તિ અપાવી દીધી. દાદી મારા માટે નવજીવન આપવાવાળા આ એક જ લાઈફમાં દાદીએ મને બીજી વખત જન્મ આપ્યો.

## અમને ટાઈટલ આપ્યું - યે નવ રતન હૈ

હમણા એક લેટેસ્ટ એક્ઝામ્પલ છે. ડિસેમ્બર 2019ના 10 તારીખની આ વાત છે. 8 ભાઈઓ સાથે 10 દિવસની તપસ્યા માટે સાધના ભવનમાં અમે બેસવાના હતાં મોબાઈલનો ઉપયોગ નહીં કરવો. મૌન તપસ્યા ભઠ્ઠી અથવા તો એને કોરોન્ટાઈન કહી શકીએ. એવી ભઠ્ઠીમાં બેસવાનું અમે નક્કી કરેલું. ભઠ્ઠીમાં બેસતાં પહેલા મેં દાદી જાનકીજીને આબુમાં ફોન કરી કહ્યું કે દાદીજી આ કાર્ય માટે આપના આશીર્વાદ આપો. દાદીજીએ

ખૂબ સુંદર સંદેશ આપ્યો કે, ચંદ્રિકા, સભી કુમારોં કો લેકર કે તુમ શાંતિવન દાદી સે મિલને કે લીએ આના. દાદીએ કહ્યું એટલે મને તો ગમ્યું. એટલે દાદીજીને મળવાનો સમય નક્કી કરી ભઠ્ઠીના આઠમા દિવસે અમે શાંતિવન ગયા. 8 ભાઈઓ અને હું એમ 9 જણા ગયા. દાદીએ એટલા પ્યારથી બેસાડી સાઈલેન્સનો અનુભવ કરાવ્યો. અમને ટાઈટલ આપ્યું કે યે નવ રતન હૈ. એ છાપ અમારા બધાના દિલમાં ખૂબ લાગી ગઈ છે. દાદીજીએ તપસ્યાના બે-ત્રણ જણના ખૂબ સુંદર અનુભવો પણ સાંભળ્યા. દાદીજી આટલી ઉંમર હોવા છતાં સાયન્સના સાધનો દ્વારા સેવા માટે હંમેશા તત્પર રહેતા હતા.

## ઉમંગ-ઉત્સાહના ધણી હતા

2017માં અમારી યુથ વીંગની 'મેરા ભારત સ્વર્ણિમ ભારત' બસયાત્રાની શરૂઆત કરવાની હતી. એની તૈયારીના ભાગ રૂપે ઓમ નિવાસ, મુંબઈમાં અમે યુવા ભાઈ-બહેનોની એક ટ્રેનિંગ રાખી હતી. તે પ્રસંગે દાદીજીને સમાચાર આપ્યા કે દાદી અમે મુંબઈમાં બેઠા છીએ. આપ અમને આશીર્વાદ આપો કે અમે બહુ સરસ રીતે આ ટ્રેનિંગ કરી શકીએ. દાદીજી ખૂબ જ ખુશ હતાં. દાદીજીએ કહ્યું કે ચંદ્રિકા, મેરે કો હોતા હૈ મૈં મુંબઈ આ જાઉં. આપ સભી કે બીચમેં મૈં ભી સુનું કે આપ ક્યા ટ્રેનિંગ દેતે હૈ? અરે, મેરે કો ભી હોતા હૈ કિ મૈં ભી બસયાત્રા મેં તુમ્હારે સાથ ચલું. બહુત અચ્છા કર રહી હો. યૂથ વીંગ હંમેશા અચ્છી-અચ્છી સેવા કરતી હૈ. બાબા,બચ્ચોંકે સાથ હૈ ઔર બહુત-બહુત સફલતા સદા સાથ રહેગી. એમ કહી દાદીજીએ ખૂબ આશીર્વાદ આપ્યા.

આવા પ્યારા દાદીને આપણે દિલમાંથી ક્યારેય નહીં ભૂલીએ. એમણે સાકાર સ્વરૂપે જે પણ શીખવ્યું છે. એ સમયે આપણા માટે એક વાત હતી, પણ તે દાદીજીનો સંદેશો હતો પણ આજે દાદીજી અવ્યક્ત સ્વરૂપે આપણી સાથે છે અત્યારે એ વાત આપણને એટલી જલદી અસર કરી એનું સ્વરૂપ બની જવાની અનુભૂતિ કરી રહ્યા છીએ. દાદીજીનો એ નિખાલસ હસતો ચહેરો, શક્તિભરી આંખો અને વરદાનથી સંપન્ન એવો દાદીનો હાથ આપણા માનસ પટ પર અમર ચિત્ર ઉભું કરી દે છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 18નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

(આંગળીથી ઉપરની તરફ ઈશારો કર્યો).

**ત્રીજુ 'ઓમશાંતિ'.** આખી સભા વન્ડરફુલ શાંતિમાં બેઠી છે. શરીરથી ન્યારી લાઈટ. બાપની શક્તિથી ભરપૂર થઇ રહી છે.

સારું થયું આજે હું આપની સમક્ષ આવી શકી છું. મને એવી ધારણા ન હતી કે સાચે જ 1000 ડોક્ટર હશે! વન્ડરફુલ. મારા ખ્યાલથી 80 વર્ષ જ્ઞાનમાં થઈ ગયા. કદાચ તેનાથી પણ વધુ હશે. પરંતુ કમાલ છે પરમાત્મા બાપની. પરમધામ મારા પિતાનું ઘર છે. મારું ઘર છે. પરમધામને નિર્વાણધામ કહે છે. ત્યાં વાચા નથી હોતી. પરમધામ, નિર્વાણધામ, શાંતિધામ - મારુ ઘર છે. આપનું પણ ઘર છે. આવશો બધા પોતાના ઘરમાં? હું આત્મા છું, દેહથી ન્યારી, પ્રભુની પ્યારી.

ગીત : ખીંચતે હૈ હમારા પ્યાર જો....

કિન શબ્દો મેં આપકા ધન્યવાદ કરે..

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ-**

**બ્ર.કુ.પ્રો. હેમંત પરીખ, સુખશાંતિ ભવન, અમદાવાદ.**

**તથા બ્ર.કુ. દીપલબેન, લોટસ હાઉસ, અમદાવાદ.**

# દાદી જાનકીજી સાથેનો અલૌકિક અનુભવ

બ્ર.કુ. વેદાંતીબેન, નૈરોબી-કેન્યા



1965માં હું પહેલી વાર બ્રહ્માકુમારી સંસ્થાના સંપર્કમાં આવી. હું અમદાવાદની કોલેજમાં ભણતી હતી. મારું જીવન અનેક પ્રશ્નોથી ઘેરાયેલું હતું. મને ખુશી એ વાતની હતી કે મારા દરેક પ્રશ્નના સચોટ જવાબો મળી રહ્યા હતા. રાજયોગ અભ્યાસના બે જ મહિના પૂરા થયા હતા. દાદી જાનકીજી પૂનાથી અમદાવાદ આવ્યાં હતાં. દાદીજી સાથેની પહેલી મુલાકાતમાં જ મેં દાદીજીને કહ્યું કે હું ભગવાનને શોધી રહી છું. આ વાત સાંભળતાની સાથે જ દાદીજીએ તરત જ જવાબ આપ્યો, **'ધીરજ રાખો, તમને ભગવાન મળી જશે.'**

## બાબાએ કરાવ્યો અદ્‌ભુત અનુભવ

ઘરેથી મહામુશ્કેલીથી બે દિવસની મને રજા મળીને હું દાદીજી સાથે આબુ જવા ટ્રેનમાં બેઠી. આબુ સુધીના પ્રવાસ દરમિયાન દાદીજીએ મને જ્ઞાન અને પ્રેમથી ભરપૂર કરી. દિલમાં તો ખુશી સમાતી નહોતી. આબુ રોડથી બસમાં માઉન્ટઆબુ ગયા. દાદીજી મને બાબાને મળવા માટે બાબાના કમરામાં લઈ ગયા. બ્રહ્માબાબાની સામે બેસતા જ મને તો પિતાજી અને દાદા જેવી ભાસના આવવા લાગી. દાદીજીએ મને બ્રહ્માબાબાની સામે બેસીને દૃષ્ટિ લેવા કહ્યું. જ્યારે બાબાની સામે બેઠી ત્યારે તરત દાદીજી બોલ્યા કે બાબા, આ દીકરી તો ભગવાનને શોધી રહી છે. બાબાએ ઘણા સમય સુધી દૃષ્ટિ આપી. પછી બાબાએ પૂછ્યું, 'ભગવાન મળ્યા?' મારા બધા પ્રશ્નો ક્યાં ખોવાઈ ગયાં ખબર જ ન પડી. મેં કહ્યું કે મેં તો લાઈટના દર્શન કરી લીધા, હવે મારા મનમાં કોઈ જ પ્રશ્ન નથી. આ દાદીની કમાલ હતી. બાબા સાથેની પહેલી મુલાકાતમાં જ બાબાએ મને અદ્‌ભુત અનુભવ કરાવ્યો. હવે તમે કહો કે આવા દાદીને કઈ રીતે ભૂલી શકું? દાદી માટે કેટલા ધન્યવાદના બોલ કહું ? મારા જીવનને શણગારવાં દાદીજી આધાર બન્યાં.

## બાબાએ નામ આપ્યું વેદાંતી

મારું નામ તો રંજન હતું. દાદીજી સામે જ બાબા સાથે વાતચીત ચાલતી હતી. દાદીજીએ કહ્યું કે બાબા, આ દીકરીએ તો વેદ, શાસ્ત્ર ઉપનિષદનો અભ્યાસ કર્યો છે. બાબાએ સાંભળતાની સાથે કહ્યું કે બાબા, આ દીકરીને વેદાંતી નામથી બોલાવશે. તે દિવસથી હું વેદાંતીના નામથી ઓળખાવા લાગી.

## પહેલી મુલાકાતે બ્રહ્માકુમારી બનાવી દીધા

આબુમાં એક જ દિવસમાં દાદીજીએ બાબાના હાથેથી બ્રહ્માકુમારીનો ડ્રેસ ગિફ્ટમાં અપાવ્યો. હું માત્ર છ માસમાં જ માતા-પિતાની રજા લઈ સમર્પિત થઈ. શરૂ-શરૂમાં છ મહિના અમદાવાદ સેવાઓ આપી અને પછી ત્રણ વર્ષ સુધી મને મુંબઈમાં સેવા આપવાની તક મળી.

## વિદેશ સેવા માટે આપી પ્રેરણા

જ્યારે હું મુંબઈ સેન્ટર પર હતી ત્યારે એક દિવસે દાદી વિદેશ યાત્રા માટે પહેલી વાર જઈ રહ્યાં હતાં. મનસાથી વિશ્વની સેવા કરતા-કરતા ડ્રામાએ મને વિદેશમાં સેન્ટર ખોલવાવાળા ટીચર્સ બહેનોની પહેલી યાદીમાં સ્થાન અપાવ્યું. દાદી

પ્રકાશમણિજી અને દાદી જાનકીજી બન્નેએ મળી મને 1974માં આફ્રિકા સેવા માટે મોકલી. દાદી જાનકીજી મને મોકલતા પહેલા લુસાકા, ઝામ્બિયામાં પોતે જઈને આવ્યા કે હું જ્યાં જાઉં છું એ જગ્યા કેવી છે? આ તો દાદીજીનો મારા માટે સાચો સ્નેહ, જે મને આજે પણ શક્તિ પૂરી પાડે છે. આફ્રિકામાં દોઢ વરસ સેવા આપ્યા પછી કોઈ સમસ્યા આવી ત્યારે દાદીજીએ સંદેશ મોકલ્યો કે બન્ને બહેનો લંડન આવી જાઓ. એક બેન તો લંડન ગયા પણ મેં દાદીજીને કહ્યું કે હું આફ્રિકા છોડવા નથી માગતી. હું બીજા દેશમાં જઈને સેવા કરીશ. દાદીજીએ મારી હિંમત જોઈ મને રજા આપી. દાદીજીનો મારા પરનો વિશ્વાસ અને વરદાની બોલ આજે પણ મારા થકી આફ્રિકાની ભૂમિમાં સુરક્ષિત સેવા કરાવી રહ્યા છે.

દાદીજી વચ્ચે-વચ્ચે આફ્રિકાની ટુર પર આવતા રહ્યાં અને વરદાનોની વર્ષા કરતા રહ્યાં. એક વાર નૈરોબીમા દાદીજીએ જોયું કોઈ મને દીદી કહીને સંબોધન કરી રહ્યા છે. ત્યારે દાદીજીએ ક્લાસમાં બધાને કહ્યું કે વેદાંતીને કોઈ દીદી કહીને ન બોલાવશો. આ તો મારી બહેન છે. દાદીજી મને હંમેશા બેન કહીને જ બોલાવતા હતા. દાદીજીએ મને બેનનો પાઠ પાકો કરાવ્યો.

## મદદ અને હિંમત આપવાની અનોખી કળા

એક વખત દાદીજી લંડનમાં હતા. નૈરોબીમાં કોઈ સમસ્યા આવી. મેં દાદીજીને ફોન કરીને સમાચાર આપ્યા અને દાદીજીને મારી મદદ માટે નૈરોબી આવવાનું કહ્યું. દાદીજીએ કહ્યું કે વેદાંતી, તું જાણે છે કે મારું નામ શું છે ? મારું નામ જાનકી છે. એનો અર્થ છે કે તું મારા જાન ની કી છું. તું તારા ક્ષેત્રની રાજા છું. તું તારી સમસ્યાનું સમાધાન પોતે જ ઉકેલ, બાબા તને મદદ કરશે. હું પછી આવીશ. દાદીજીના હિંમતભર્યા શબ્દોએ સમસ્યાનું સમાધાન ખૂબ જ સરળતાથી શોધી કાઢ્યું. દૂર બેઠા પણ મદદ અને હિંમત આપવાની કળા દાદીજીની અંદર ગજબની શક્તિ હતી. અત્યારે વિચારું છું કે હવે દાદીજીને પૂછવા ક્યાં જવું? પરંતુ મને પૂરેપૂરો વિશ્વાસ છે કે દાદીજીએ આપેલું શિક્ષણ મને હર હંમેશ મદદ કરશે. જ્યારે-જ્યારે પણ હું દાદીજીને મળી છું. ત્યારે દાદીજીએ મને પૂછ્યુ છે કે મારો કારોબાર કેવી રીતે ચાલે છે? કોઈ સમસ્યા તો નથી ને? હું હંમેશા કહેતી કે દાદીજી, ખૂબ સરસ ચાલે છે. કોઈ સમસ્યા નથી. ત્યારે દાદીજીએ મને નો પ્રોબ્લેમનું ટાઈટલ આપેલું. આવી રીતે દાદીજીએ મને વરદાનો આપ્યા છે, તેથી આજે મને દરેક બાબતોમાં ખૂબ જ સરળતા અનુભવાય છે.

## આજે પણ વરદાનોથી પાલના થઈ રહી છે

ગયા વરસે, મેં થોડી હિંમત રાખી પ્યારાં હંસાબેનને કહ્યું કે દાદીજીને નૈરોબી લઈ લાવો. 103 વર્ષના દાદીજીને બોલાવવા અને લઈને આવવા એ કઠિન કાર્ય હતું. છતાં હંસાબેનની મહેનત અને દાદીજીનો પ્યાર એવો હતો કે એપ્રિલ 2019માં ચાર દિવસ માટે દાદીજી નૈરોબી આવ્યા. ઘણા બધા વરદાનોથી અમારા બધાની ઝોળીઓ ભરી દીધી. દાદીજી સાથે આફ્રિકાના બીજા ઘણા સ્થાનો પર જવાની તક મળી. કમાલ છે દાદીજીની.

હવે મારા મનમાં એક પ્રશ્ન ઊભો થયો છે કે દાદીજીએ મને પહેલી વાર બાબાને મેળવ્યા. મારું નામ બદલ્યું, મારો ડ્રેસ બદલ્યો, મને સમર્પિત કરી, વિદેશમાં લઈ આવ્યા. હવે તો દાદીજી તો વતનમાં ગયા છે, ત્યારે મારે શું કરવું જોઈએ? તેનો જવાબ તો મને સમય જ આપશે. પણ મને વિશ્વાસ છે કે મને ખૂબ જ સારો જવાબ મળશે. દાદીજી વતનમાં બાબા સાથે બેસીને પણ મને નવી પ્રેરણા આપશે. **॥ ઓમશાંતિ ॥**

## દિવ્યદર્શન

# વિશ્વ ગુરુ દાદી જાનકીજીને વંદન

બ્ર.કુ. નંદિની, સુખશાંતિભવન, કાંકરિયા, અમદાવાદ.

વિશ્વ ફલક પર બ્રહ્માકુમારીઝ સંસ્થાને પહોંચાડવનાર, પરદેશની ધરતી પર જીવનનો મહત્તમ સમય આપી પરમાત્માને પ્રત્યક્ષ કરનાર, જેવું નામ (જનક) તેવું જ કર્મ (ન્યારા અને પ્યારા) તેવી આધ્યાત્મિક, અસાધારણ અલૌકિક પ્રતિભા, વિરલ વિભૂતિ એટલે જ દાદી જાનકી. વિશ્વનો કોઈ દેશ બાકી નહીં હોય જ્યાં દાદી જાનકીજીનાં ચરણકમળ ન પડ્યાં હોય. જે નામ સકલ વિશ્વમાં આજે કોઈ ન જાણતું હોય તેવું બને જ નહીં. દેશ-પરદેશનાં ખૂણે-ખૂણે સતયુગી સંસ્કૃતિનાં સંસ્કારોનું બીજારોપણ દેશી-વિદેશી ભાઈ-બહેનોમાં કરી તે બાળ છોડ વટવૃક્ષ ન બને ત્યાં સુધી સતત નિરીક્ષણ સાથે અલૌકિક પાલનાનો અખૂટ ભંડાર મમતામયી પાલનાનાં ધની એટલે દાદી જાનકી. બ્રહ્માકુમારીઝ સંસ્થાના આધસંસ્થાપક સાકાર પિતાશ્રી બ્રહ્માબાબાની દીર્ઘ દૃષ્ટિ અને મમ્માના વરદાનનાં બોલે એક અનોખું રતન સંસ્થાને પ્રાપ્ત થયેલ અને તે છે આદરણીય દાદી જાનકી, વિશ્વનિયંતાએ એમને ઘડવામાં વિશેષ સમય ચોક્કસ લીધો જ હશે ત્યારે જ આપણને સૌને આજે વિશ્વનાં એક માત્ર સૌથી સ્થિર મનની મહિલાનું બિરુદ પામેલ આપણા વિશ્વ વંદનીય દાદી જાનકીજી મળ્યા.

**પ્રથમ મુલાકાત -** દાદીજી સાથેની મારી સૌ પ્રથમ મુલાકાત ઈ.સ. 1984માં થઈ. દાદીજી ગુજરાતનાં તત્કાલીન મહામહીમ માનનીય ગવર્નરશ્રી બ્રિજકુમાર નહેરુને માઉન્ટ આબુમાં થનાર આંતરરાષ્ટ્રીય સંમેલનનું નિયંત્રણ પાઠવવા આવ્યા હતા. ત્યારે મારી વય માત્ર 13 વર્ષની હતી અને હું આદરણીય દાદીજી, સરલાદીદી અને કૈલાસદીદીની સાથે ગર્વનર હાઉસમાં સેવા અર્થે ગઈ. ગવર્નરશ્રીને હજી મુલાકાત આપવામાં થોડો સમય બાકી હતો. તે વખતે દાદીજીએ સૌને યોગમાં બેસાડ્યા તે અપલક પાવરફુલ, દિવ્ય દૃષ્ટિ, તે પળ તે ક્ષણ આજે પણ નજર સામે તરી આવે છે. દાદીજીની દૃષ્ટિએ મારી અંદર સેવાનું બીજારોપણ કર્યું, વરદાન મળ્યું કે - 'સદા યાદ ઓર સેવામેં હલકે હો ઉડતે રહેના.'

**દાદી જાનકી એટલે વ્યક્તિગત પાલના કરી આશા પૂરી કરનાર -** ઈ.સ. 1985માં દાદીજીને ગાંધીનગર સેવાકેન્દ્ર પર ફ્રેશ થઈને ઝડપથી આબુ સેવા અર્થે પહોંચવાનું હતું. કૈલાસદીદીએ સૌ ભાઈ-બહેનોને ટેલીફોન દ્વારા દાદીજીના આગમનનાં સમાચાર આપ્યાં. લગભગ 10 થી 12 જેટલાં ભાઈ-બહેનો સેન્ટર પહોંચી ગયા. સૌને મળીને દાદીજી છુટ્ટી લઈને આબુ જવા માટે ગાડીમાં બેસવા જતા હતાં તે વખતે સહસા લંડનવાળા રમણિકભાઈ અને હર્ષદભાઈ (લૌકિક પિતાજી)ને સંકલ્પ આવ્યો કે દાદીજી આપણાં ઘરે આવે. દાદીજીને વિનંતી કરી કે, શક્ય હોય તો આપ અમારા ઘરે પધારો. તુરંત જ નિમંત્રણ સ્વીકાર કરીને ઘરે આવ્યા. જ્ઞાન અને અનુભવોની લેન-દેન કરી, શક્તિશાળી યોગ કરાવી, ટોલી આપીને કહ્યું કે - 'દેખો દાદી આ ગઈ, અબ ખુશ?' આમ દાદીજી પ્રત્યેક બ્રાહ્મણોની વ્યક્તિગત પણ પાલના કરતાં.

**મારી લેખની દાદીજીને સમર્પિત -** પરમ શ્રધ્ધેય, વિશ્વ વંદનીય, પરમ પૂજ્ય, પ્રાત:

સ્મરણીય, સતયુગી રાજધાનીના મહારાજા, વિદેશીઓના વિશેષ દાદીજી, સીમ્પલ લીંવીંગ એન્ડ હાઈ થીંકીંગનાં સૂત્રધાર, મસ્ત ફકીર, દૃઢ મનોબળ અને ઓજસ્વી આભામંડળથી કંડારાયેલા, રાજયોગિની તપસ્વીની આદરણીય દાદી જાનકીજીને સમર્પિત કરું છું. સમર્પિત બ્રહ્માકુમારી જીવનના પ્રથમ અઠવાડિયે એટલે કે 24 નવેમ્બર, 1989નાં રોજ દાદીજી પરદેશથી મુંબઈ થઈ અમદાવાદ એરપોર્ટ પર આવવાનાં હતા, એટલે દાદીજીને લેવા સરલાદીદીજી મને સાથે એરપોર્ટ પર લઈ ગયા. એરપોર્ટ પર સરલાદીદીએ મારો પરિચય દાદીજી સાથે કરાવ્યો કે - 'દાદી, યે બાલકી અભી-અભી સેવાકેન્દ્ર પર સેવા કે લીયે આઈ હૈ.' ત્યારબાદ અમદાવાદનાં સૌ બ્રહ્માવત્સો માટે દાદીજીનો ક્લાસ રાખવામાં આવ્યો હતો. તે સમયે ક્લાસમાં પુનઃ દાદીજીની દૃષ્ટિ મારા ઉપર પડી. (મને એકદમ આગળ દાદીજીના પગ પાસે ખૂબ જ નજીક બેસવાનું સૌભાગ્ય સાંપડેલ) ક્લાસ પૂરો થયા બાદ દાદીજી સૌને ટોલી-દૃષ્ટિ આપતા હતાં ત્યારે, દાદીજીએ મારો હાથ પકડીને સરલાદીદીને કહ્યું કે - 'સરલા, એરપોર્ટ પર જો ભી વિદેશી આતે જાતે હૈ ઉનકો રીસીવ કરને - છોડને ભાઈ તો જાતે હૈ, લેકીન સાથ મેં ઇસ બાલકી કો ભી વિદેશીઓંકી સેવા કરને ભેજો' એમ કહી દાદીજીએ વિદેશી પરિવારની સેવા કરવાની તક મુજ આત્માને આપી (તે સમયે લોટસહાઉસ બાબાનું કેન્દ્ર ન હતું, તેથી સુખશાંતિભવનથી વિદેશીઓ માટે ચ્હા, નાસ્તો, ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા અને એરટીકીટની સેવાઓ થતી.)

**સુખશાંતિ ભવન ખાતે 1 માસથી વધુ સમય દાદીજીના સાનિધ્યમાં -** ડિસેમ્બર, 1990માં દાદીજીની તબિયત થોડી નાદુરસ્ત હતી, ડોક્ટરોનું માનવું હતું કે આબુમાં ઠંડી થોડી વધારે પ્રમાણમાં છે, તો દાદી અમદાવાદમાં રહે. તે સમયે જાનકીદાદી અમારી સાથે સુખશાંતિભવનમાં 1 માસથી પણ વધુ સમય રહ્યા. આ સમયગાળા દરમિયાન દાદીજીની ખૂબ નજીક રહેવાનો સુઅવસર અને પાલના લેવાનુ મુજ આત્માને સૌભાગ્ય પ્રાપ્ત થયું. પ્રત્યેક દિવસ દાદીજી માટે અમે સૌ કંઈક નવું-નવું કરતાં, નવું બનાવતાં અને દાદીજીને બહેલાવતા. દાદીજી સાથે બેસી પ્રથમ વાર ક્રિસમસ ટ્રી બનાવી અલૌકિક ક્રિસમસ ઉજવી, થોડા થોડા દિવસના અંતરે વેરાયટી કેક બનાવી કટીંગ કરતાં, ભોગ લગાવતાં, ભોગ માટે દાદી ડાયરેક્શન આપતાં. થોડી સ્વસ્થતા પ્રાપ્ત થયા બાદ દાદીજી સેન્ટરમાં બધે ફરીને જરૂરી સૂચનાઓ આપતાં અને રાત્રે તાપણું કરી દાદી સાથે બેસી જ્ઞાનની ચીટચેટ કરતાં. દાદીજીને મળવા માટે દાદીઓ, વરિષ્ઠ ભાઈ-બહેનોની સતત રીમઝીમ રહેતી અને દાદીજી અમને ઘણું શીખવતા હતાં. ડિસેમ્બર માસ હતો એટલે વિદેશીઓની સીઝન હતી. વિદેશીઓનાં પ્યારી દાદી મધુવનમાં જોવા ન મળે. એટલે સૌ વિદેશીઓ 1 દિવસ માટે ગાડી, બસ, ટ્રેનમાં સવારે બેસી દાદીજીને મળવા આવતા. તેઓને દાદી ક્લાસ કરાવી, દૃષ્ટિ-ટોલી આપતાં. તે દિવસોમાં સેન્ટર પર કોઈ આધુનિક સુવિધાઓ કે સાધનો ન હતાં, કોઈ પ્રકારની ટ્રાન્સલેશનની સુવિધાઓ પણ ન હતી. કોઈ પણ બેનની પાસે દાદીજી ટ્રાન્સલેશન કરાવતાં, એમ દાદીજીએ અમને અંગ્રેજી બોલતાં કરી દીધાં. તે દિવસોમાં દાદીજી કહેતા કે, આ પહેલી વાર 31 ડિસેમ્બરે હું મધુવનમાં બાપદાદા પાસે હાજર નથી, પહેલી વખત 18મી જાન્યુઆરીએ હું લંડનમાં નથી. અત્યાર સુધીનો દાદીનો રેકોર્ડ છે કે, દાદી દર વર્ષની 31 ડિસેમ્બર

મધુવનમાં હોય પછી તરત 18મી જાન્યુઆરીએ લંડનના ભાઈ-બહેનોને અવ્યક્ત માસની પાલના આપવા લંડન દોડી જાય. મને હજી પણ બરાબર યાદ છે કે તે બન્ને અવતરણના દિવસે બાબાના સમયે સાંજે 6.00 વાગ્યાથી દાદીએ સૌને યોગમાં બેસાડી મધુવન જેવું જ પાવરફુલ અવ્યક્ત વાતાવરણ ઈમર્જ કરી દીધું. બાબાનું અવતરણ થયું. બાપદાદા એ દાદીજીને યાદ પ્યાર આપીયા. જે આશરે 30 મિનિટ પછી ટેલીપ્રિન્ટર ઉપર ટાઈપ થઈને અમારી પાસે આવ્યા. સરલાદીદીએ દાદીને વાંચી સાંભળાવ્યા. (તે જમાનામાં ઈ-મેઈલ, કોમ્પ્યુટર, ટી.વી., મોબાઈલ જેવા અન્ય કોઈ પણ સાધનો ન હતા. માત્ર ટેલીપ્રિન્ટર ઉપર મુરલી ટાઈપ થયેલ અક્ષરોમાં આવતી) તે 1 મહીનાની સ્મૃતિ આજે પણ અકબંધ છે.

**દાદીજીનું વાત્સલ્ય -** ઈ.સ. 1991માં એરઈન્ડીયા એરલાઈન્સ કંપનીની હડતાળ પડી. મોટેભાગે લંડન અને બીજા દેશોમાંથી આવનારા વિદેશી ભાઈ-બહેનો તે સમયે એરઈન્ડીયાની ફલાઈટમાં આવતા જતાં. અચાનક પડેલી અનિશ્ચિત મુદતની પડેલી હડતાલ ક્યારે પૂરી થશે, તે કશું નક્કી થઈ શકે તેમ ન હતું. તે વખતે 600 થી વધુ બ્ર.કુ. ભાઈ-બહેનોની એરઈન્ડીયાની ટીકીટો એરઈન્ડીયા એરલાઈન્સમાંથી એનડોન્સમેન્ટ કરી અન્ય કંપનીની ફલાઈટમાં જેમ-જેમ વ્યવસ્થા થાય અને જે દિવસે જેટલી સીટ મળે તેમ ટીકીટ બુકીંગ કરતાં જતાં. અને તેવી રીતે લગભગ 1 મહીનાના સમયગાળામાં મધુવનમાંથી થોડા થોડા ગ્રુપમાં ભાઈ-બહેનોને તેમનાં દેશમાં પરત મોકલ્યા. સાચે જ બાપદાદાની એ કમાલ હતી અને સતત દાદીની હિંમતની મદદ પણ મળતી હતી. આવા કોઈ કાર્યનો કોઈ અનુભવ નહોતો પણ દાદીના વરદાની બોલે વિશેષતા ભરી દીધી. આ કાર્ય બાબાએ સરળતાથી ચપટીમાં 1 મહીનાની અંદર કેવી રીતે થઈ ગયું તે એક બહુ જ વન્ડરફુલ ડ્રામા થઈ ગયો. તે આખી બાબાની સીઝન દરમિયાન અવિરત સેવાઓ ચાલુ રહેવાને કારણે સમગ્ર સુખશાંતિ ભવનનાં સમર્પિત ભાઈ-બહેનો બાબાને મળવાનાં બાકી રહ્યાં હતાં. આદરણીય દાદી પ્રકાશમણિજીના વિશેષ નિમંત્રણથી અમે સૌ એકસાથે બસમાં મધુવન બાબાને મળવા ગયા. ત્યારે વિદેશી ભાઈ-બહેનોની દરેક પ્રકારથી કરેલી સેવાઓને એટલા મોટા દાદીજીએ મારા જેવી નાની બેનનો હૃદયના ભાવો સાથે સેવાને બિરદાવી કે, આખી સીઝનનો થાક, રાત-દિવસના ઉજાગરા અને કામ બાબતની ચિંતા ભૂલાઈ ગઈ. દાદીજીની યાદશક્તિ ગજબની હતી, અમારા સૌ ભાઈ-બહેનનાં નામ યાદ હતા અને એક-એકને નામથી, તેમની સેવાઓની ભરી સભામાં ખૂબ સરાહના કરી કહ્યું કે - ‘મુઝે સરલા ઔર ઉસકી જો ભૂજા હૈ, સુખશાંતિ વાલે ઉનકે ઉપર નાઝ હૈ.’

ઈ.સ. 2018માં દાદીજીએ સુખશાંતિભવનનાં સૌ સમર્પિત ભાઈ-બહેનોને રક્ષાબંધન કર્યું. તે દિવસોમાં મારે સેવા અર્થે બહારગામ જવાનું થયેલ. બીજે દિવસે વહેલી સવારે જ્યારે દાદીજીનાં પ્રસ્થાન થવાના સમયે હું દાદી પાસે પહોંચી તો દાદીએ હંસાબેનને કહ્યું - ‘હંસા, રાખી લાવો, નંદી બાકી હૈ. વો આ ગઈ, ઉસકો રાખી બાંધના હૈ.’ સતત બીજા વર્ષે (2019) દાદીજીનાં હસ્તે રક્ષા બંધાવી. પણ ડ્રામાની ભાવિ ક્યાં ખબર હતી કે આ દાદીજી સાથેની છેલ્લી રક્ષાબંધન હશે. આમ સતત બે વર્ષ દાદીની મીઠી દૃષ્ટિ સાથે અલૌકિક રક્ષાબંધન સંગમયુગની અણમોલ ક્ષણ એક સુવર્ણ અક્ષરે યાદગાર બની ગઈ જેને હું મારું

સદ્ભાગ્ય સમજું છું.

**દાદીજી સ્વયં એક સંદેશ -** માનવતાના મસીહા, પરમાત્મ ગુણ અને શક્તિઓથી સમાહિત, સરળતા અને સાદગીની પ્રતિમૂર્તિ સમાન આદરણીય દાદીજીનું જીવન સમસ્ત વિશ્વ માટે સૌથી મોટું પ્રેરણાદાયક બની રહેશે. દેશ અને વિદેશના એક એક ખૂણે સતત પરિભ્રમણ કરી લાખો કરોડો આત્માઓના જીવનમાં નવી રોશનીનો સંચાર કરનારા સાચા અર્થમાં એક સેનાની હતાં. અનેક દુઃખી, રોગી, મનોરોગી આત્માઓને અધ્યાત્મ બળ આપી નવજીવન પ્રદાન કરેલ છે. દાદીજી મુસાફરી દરમિયાન સાથી મુસાફરો, એરપોર્ટનાં કર્મચારીઓને આધ્યાત્મિક જ્ઞાન અને પ્રસાદનો લાભ અચૂક આપીને કહેતા - 'તમે મારી યાત્રા સફળ બનાવી તે બદલ આભાર.' માનવીય લાગણી દરેક પ્રતિ અચૂક વ્યક્ત કરનાર નિર્માણ દાદીજી આજે અવ્યક્ત થયેલ છે. દેશ કે પરદેશમાં ભાષા ન જાણનારને પણ સમીપ આવતાં સકારાત્મક વાયબ્રેશન દ્વારા અલૌકિક ઉર્જાનો અનુભવ કરતાં.

**8ની માળાના મોતી દાદી જાનકીને હૃદયાંજલિ -** 12 વર્ષના કાર્યકાળ દરમિયાન 104 વર્ષની વયે સમગ્ર વિશ્વના આત્માઓની મનસા-સેવા કરવાની ઉદ્દાત ભાવનાને કારણે સંસ્થાનો નિર્વિઘ્ને વિકાસ થયો. દાદીજી જે સંકલ્પ કરે, તે પ્રમાણે જ કાર્ય થતું જતું, તેવી જ પરિસ્થિતિ અને સંજોગો પણ ગોઠવાઈ જતાં. 'કમ ખર્ચ, બાલા નશીન'ના સૂત્ર આપનાર, સરળ અને સાદગીને વળેલાં દાદીજીએ એક વખત કહ્યું હતું કે - 'મેરી અર્થી કે પીછે એક કોડી કા ભી ખર્ચ ન કરે.' તેમનો આ સંકલ્પ પણ બાબાએ પૂરો કર્યો. સમગ્ર વિશ્વમાં સંજોગો પણ એવા ગોઠવાઈ ગયા કે દાદીજીની અંતિમયાત્રાના સમયે કોઈ મધુવન

(અનુસંધાન પેજ નં. 20 પર)

(પેજ નં. 29નું અનુસંધાન)... **અમૃત ઝરણું**

માઉન્ટઆબુ જતાં ગાડીમાં નાસ્તો કે ભોજન લેતાં. લગભગ 32 વર્ષનો તેમની સાથેનો મારો અનુભવ કહે છે કે તેમણે ક્યારેય ટાઈમ વેસ્ટ નથી કર્યો.

દાદીજીએ સોંપેલા કાર્યોનો રીપોર્ટ જ્યારે હું દાદીને આપતી તો દાદી શાંતિથી સમાચાર સાંભળતા અને એ કાર્યને વધુ સારી રીતે કેવી રીતે કરી શકાય તે પણ શીખવતા. હિસાબ રાખવાનું પણ તેમની પાસેથી જ શીખી છું. એક શિખાઉ વ્યક્તિને પ્રેમ પાલનાથી જવાબદાર વ્યક્તિ બનાવીને જ રહેતા.

આજે દાદીજીનાં હૃદયનાં સંકલ્પ, પ્રેરણા, પ્રયાસ અને સહયોગથી ઉભું થયેલ વિશ્વ પ્રસિદ્ધ લોટસ હાઉસ ત્રણ-ત્રણ વિશાળ બિલ્ડીંગોથી સુસજ્જ થઈને, ન કેવળ વિદેશીઓ પરંતુ ફ્લાઈટ દ્વારા આવનારા દેશનાં પણ તમામ બ્રહ્માવત્સો તેમજ દરેક ક્ષેત્રનાં વિશેષ મહાનુભાવોનું સ્વાગત કરે છે. દાદીજીનાં મારા પ્રતિ ઉચ્ચારણ કરેલા અનેક વાક્યો માનસપટલ પર લહેરોની જેમ મને શીતળતાનો અહેસાસ કરાવે છે. મારી જન્મપત્રી લખવા માટે દાદી નિમિત્ત બન્યા...

1. સચ્ચાઈ, સફાઈ અને સાદગી.
2. એકનામી અને ઈકોનોમી.
3. સફળ કરો, સફળતા મેળવો.

અમે જીવન જીવ્યાં એક એવી સ્નેહ ભરી માના ઓથારે... ઓથારે.

**॥ ઓમશાંતિ ॥**



# દિવ્ય ફરિસ્તા રાજયોગિની દાદી જાનકીજી

## બ્ર.કુ. કમલબેન, મેમનગર, અમદાવાદ.

જ્યારે યજ્ઞે મને મેમનગર સેન્ટરની જવાબદારી સોંપી ત્યારે ખબર નહોતી કે કે સેવાકેન્દ્ર આટલું વૃદ્ધિ પામશે. પ્રભુ વરદાનભવન તૈયાર થવા આવ્યું હતું ત્યારે રાજયોગિની દાદી હૃદયમોહિનીજીએ પધારીને પ્રભુ વરદાનભવન માટે વરદાનોની વર્ષા કરી ત્યારથી મેમનગરનો ચડતો સિતારો થવા લાગ્યો.

ત્યાર પછી દાદી જાનકીજીએ પધારી સોનામાં સુગંધ ભરવાનું કાર્ય કર્યુ. સ્ટર્લીંગ હોસ્પિટલ નજીક હોવાથી દાદીજી સ્વાસ્થ્યના ચેકિંગ માટે સમયાંતારે આવતાં. આમ તો દાદી જાનકીજી સેવાકેન્દ્રમાં આવે ત્યારે યોગ કરાવે, સંક્ષિપ્ત પ્રવચન કરતાં. મૈં કૌન ? મેરા કૌન ઔર મુજે ક્યા કરના હૈ?

દાદીજીની ઉપસ્થિતિમાં હોલ ખીચોખીચ ભરાઇ જતો. બ્રહ્માવત્સો ખુશીથી નાચી ઉઠતા. દાદીજીની સન્મુખ ભિન્ન ભિન્ન ઉત્સવો ઉજવાતા. આનંદ ઉલ્લાસથી વાતાવરણ પ્રસન્નતા પૂર્ણ બની જતું.

દાદીમાં અનેક વિશેષતાઓ હતી. તેઓ દિવ્યગુણોનો ચૈતન્ય ગુલદસ્તો હતાં. બુદ્ધિ હંમેશા એમની વિનમ્રતા, સેવા, સાદગીથી વિભૂષિત રહેતી. તેઓ આજની વાત કાલ ઉપર રાખતાં નહોતાં. બાબા સાથે એક બળ અને એક ભરોસા પર જીવતાં. તેઓને આપ, બાપ અને ડ્રામામાં સંપૂર્ણ નિશ્ચય હતો. તેઓ દૂરાંદેશી હતાં.

એમની સફળતાનો આધાર ત્યાગ, તપસ્યા, સેવા, પુરુષાર્થ. સતત બાબાની યાદ અને વિચાર સાગરમંથન. દિવ્યબુદ્ધિ અને અષ્ટ શક્તિઓથી વિભૂષિત. એકાગ્રતા, દૃઢ મનોબળ, પ્રેમ અને કરુણામય જીવન. વારંવાર મુરલી વાંચન. સૌ પ્રત્યે આદર અને સન્માનની લાગણી આ દાદીની સફળતાનાં રહસ્યો છે.

તેઓ 3 ફેબ્રુઆરીથી 19 માર્ચ સુધી સ્વાસ્થ્ય લાભ માટે સેવાકેન્દ્રમાં રહ્યાં. દાદીજી તથા હંસાબેનને આ સેવાકેન્દ્ર વિશેષ પસંદ હતું. ત્યારે દેશ અને વિદેશની અનેક પ્રતિભાઓ રાજયોગિની દાદી રતનમોહિનીજી, રાજયોગિની દાદી ઈશુજી, રાજયોગી વૃજમોહનભાઈ, રાજયોગી નિર્વૈરભાઈ દાદીને મળવા આવતા રહેતા. ડો. બનારસીભાઇ દાદીની સાથે રહેતા.

આ વિભૂતિઓના આગમનનો લાભ સેન્ટરને મળતો તેઓ યોગ કરાવતા, ભિન્ન ભિન્ન વિષયો પર ક્લાસ કરાવતા. તેથી સેવાકેન્દ્રમાં ઉમંગ, ઉત્સાહ અને ખુશીનું વાતાવરણ જળવાઈ રહેતું. બ્રહ્માવત્સોની હાજરીથી હોલ ભરાઇ જતો. સૌ ભાઇ-બહેનો સંગમયુગની આ પ્રાપ્તિઓથી સ્વયંને ધન્ય ધન્ય સમજતાં હતાં. મેમનગર સેવાકેન્દ્રની સર્વે સમર્પિત બહેનો તથા ક્લાસમાં આવનાર ભાઇ-બહેનો પણ દાદી જાનકીજીની સેવામાં વ્યસ્ત રહેતાં.

અમે શાંતિવન આવતાં ત્યારે દાદીજીને તથા હંસાબેનને મળતાં. અમારા સૌ મેમનગર સેન્ટરની સમર્પિત બહેનોને તથા બ્રહ્માવત્સોને મળતા. આ સ્મૃતિ અમને સતત યાદ રહેશે અને પ્રેરણા આપતી રહેશે. આવા સર્વના લાડલા દાદીજીને શત શત નમન... સ્નેહ સુમન અર્પણ...

॥ ઓમશાંતિ ॥

# અમૃત ઝરણું

બ્ર.કુ. ભારતીબેન, લોટસ હાઉસ, અમદાવાદ.

**એક લીલા પાન પર જેણે વ્હાલ વરસાવ્યું ઘણું ઘણું ત્યારથી જીવન મારું બની ગયું અમૃત ઝરણું**

આ વાત છે 1990ની, જ્યારે મેં અભ્યાસ પૂરો કર્યા બાદ પહેલાવહેલા ગાંધીનગર સેવાકેન્દ્ર પર રહેતાં 7 માસ થયાં હતાં. તે સમયે દાદી જાનકીજી સ્વાસ્થ્ય લાભ માટે સુખશાંતિભવનમાં રોકાયા હતા. સરલાદીદીએ ભોગ બનાવવા કૈલાસદીદીને ત્યાં બોલાવ્યા હતાં, હું તેમની સાથે ત્યાં પહોંચી. જેવી દાદીની નજર મારા પર પડી તરત જ તેઓએ, તે સમયે વિદેશીઓની સેવા અર્થ એરપોર્ટ પાસે દયાલબાગ સોસાયટીમાં એક નાનકડું મકાન લીધેલ હતું, ત્યાં મને રહેવાનો આગ્રહ કર્યો. મને જોતાં તેઓએ સરલાદીદીને કહ્યું કે આ કન્યા વિદેશીઓની ખૂબ સારી સેવા કરી શકશે. પ્રત્યુત્તરમાં દીદીએ જણાવ્યું કે આ તો બાંધેલી કુમારી છે, તેની માતા તેને બાબાનાં ઘરમાં રહેવાની પરવાનગી જ નહીં આપે. કોઈ પણ પ્રકારની રાહ જોતાં પહેલાં દાદીજીએ તત્કાલ મારા પિતાને બોલાવ્યા, દાદીએ તેમની સાથે વાતચીત કરી મને પ્રેમથી છુટ્ટી આપી દીધી. આ રીતે મારા સમર્પિત જીવનની શરૂઆત દાદીજીના શક્તિશાળી આશીર્વાદ સાથે થઈ. સુખશાંતિભવનમાં દાદીજીએ સ્વયં મને ટ્રેનિંગ આપવાનું શરૂ કર્યું. આવનાર વિદેશીઓને દાદીજી સાથે મેળવવા, તેમનાં માટે ટ્રાન્સલેશન કરવું વગેરે.. તદ્ઉપરાંત આરામનાં સમયે ખાસ વિદેશીઓ માટે ખુલી રહેલ નવા સેવાસ્થાન માટે ખરીદી પણ થતી. મારે સેવાકેન્દ્ર પર કેવી રીતે રહેવું, શું કરવું તેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ દાદીજીએ સ્વયં મને સાથે રહીને આપી. આ સિલસિલો લગભગ એક માસ સુધી ચાલ્યો. અંતે ટ્રાન્સપોર્ટ એટલે શું તેનું કોઈ પણ પ્રકારનું પ્રાયોગિક જ્ઞાન કે જાણકારી ન હોવા છતાં પણ આદરણીય દાદી જાનકીજીએ એક અતિ વિશ્વાસની દૃષ્ટિ સાથે એ સમયની નવીન સેવાનો તાજ મને પહેરાવી દીધો.

વિદેશીઓની અવરજવરનાં કારણે તેઓની સુવિધા જળવાય તે ઉદ્દેશથી દાદી જાનકીજીની પ્રેરણાથી યજ્ઞ દ્વારા ખુલેલ સેવાકેન્દ્ર લોટસ હાઉસમાં કોઈ જિજ્ઞાસુ કે નિયમિત સ્ટુડન્ટ્સ તો હતાં જ નહીં. તેથી કોઈ પણ ચીજવસ્તુઓ કે અન્ય સહયોગ કેવી રીતે પ્રાપ્ત કરવો તે દાદીએ હસતાં હસતાં શીખવાડી દીધું.

એક તરફ આવાગમન કરનારા વિદેશી બ્રહ્માવત્સોની સંખ્યા વધુમાં વધુ અને બીજી તરફ મકાન નાનું હોવાથી સુવિધાઓ ઓછી. ક્યારેક અડધી રાત્રે પણ તેઓને એરપોર્ટ મૂકવા જવું પડે પણ સેવાકેન્દ્રની પોતાની કોઈ ગાડી નહોતી. આવી નાની મોટી અનેક પરિસ્થિતિઓને કેવી રીતે મેનેજ કરવી તે કલા દાદીજીએ ત્યાં આવતાં જતાં શિખવાડી દીધી. તેના કારણે અડોસ-પડોસનાં લોકોનો સહયોગ પણ સહજ મળવા લાગ્યો.

દાદીજી જ્યારે પણ આવતાં. તેઓની પ્રેમપૂર્ણ પાલનાથી હૃદય ભરાઈ જતું અને મને ક્યારેય ઘરની યાદ નહોતી આવતી. તે સમયે ઓનલાઈન બુકીંગની પણ વ્યવસ્થા નહોતી ત્યારે ટિકીટોનાં કામ પણ ખૂબ જ સમય અને ધીરજ માંગી લે તેવું હતું. દાદીજીનાં ઉમંગ ઉત્સાહથી પ્રેરાઈને અનેક

મૂંઝવી નાંખે તેવાં કાર્યો પણ સહજ થઈ જતાં. મને કોઈ પણ પ્રશ્ન ઉદ્ભવે તો નિખાલસતાથી દાદીને સંભળાવતી અને તરત જ માર્ગદર્શના મળતી.

તે સમયે દાદી પોતાની સાથે કોઈ બહેનને પર્સનલ સેવા અર્થ રાખતા નહોતા. ત્યારે એક વખત તેઓની સાથે અમદાવાદથી મધુવન જતાં મેં કહ્યું દાદી, ક્યાં સુધી આપણે બીજાનાં મકાનો વાપરીશું? મને તો આવનાર પેસેન્જરોની દયા આવે છે, કેમકે તેમને પૂરતો આરામ પણ આપણે નથી આપી શકતા. હવે આવશ્યકતા પ્રમાણે આપણે મોટું મકાન લેવું જોઈએ. તો દાદીએ પોતાની પૂનાથી લંડન સુધીની આધ્યાત્મિક સેવાયાત્રાની કહાની સંભળાવી કે કેવી રીતે તેઓએ એક જ રૂમ-રસોડાનાં નાનાં મકાનમાં સેવાઓનો વિકાસ કર્યો. પૂનામાં એન. આર. આઈ.નાં મકાનોની ચાવીઓ દાદી પાસે રહેતી અને દાદીજીએ તેઓની પ્રોપર્ટી સફળ કરી. આ પ્રેરણા લઈ મને પણ શક્તિ મળી અને સેન્ટરની આસપાસના લગભગ પાંચ-છ મકાનો ઉપયોગ કરવા માટે સેવામાં મળ્યાં.

આ બધી સેવાઓ કરતાં પણ દાદીજી પાસેથી સવિશેષ જે શીખવા મળ્યું તે એ કે કારોબાર કરતાં પણ જ્ઞાન યોગ ના છૂટે. તેઓ જ્યારે જ્યારે લોટસ આવતાં ત્યારે અમે બે ટેન્ટ બાંધતા. એક ફોરેનર્સ માટે ડાઈનિંગ વ્સવસ્થાનો અને બીજો દાદીના ક્લાસ માટે. કેમ કે દાદી ક્લાસ કર્યા વગર ક્યારેય નાસ્તો નહોતાં કરતાં. તેઓની પાલના કરવાની રીત ન્યારી હતી. હરતાં ફરતાં પ્રશ્નો પૂછીને જાણકારી મેળવી લેતા અને ચાલતાં ચાલતાં જ સલાહ સૂચનો આપી માર્ગદર્શન કરતાં. એમની અનોખી ટ્રેનિંગથી મારામાં પણ એક્યુરેસીનો ગુણ વિકસવા લાગ્યો. એક નાના સ્થાન પર આ બધું કેવી રીતે એડજસ્ટ કરવું એ કળા દાદીજીએ પ્રેક્ટિકલમાં કરીને મને વારસામાં બક્ષી. મારો એ વ્યક્તિગત અનુભવ છે કે એમણે કોઈ વ્યક્તિને નાના કે મોટા રૂપે નથી જોયાં, યોગ્યતા અને વિશેષતા જોઈ છે અને વિશ્વાસ રાખીને એક જવાબદાર યજ્ઞરક્ષક બનાવ્યા છે. તેમની સાથે જે પણ વ્યક્તિ મુસાફરી કરે તેમની ભાવના એ જ રહેતી કે તે વ્યક્તિને ટ્રાવેલિંગ દરમિયાન કંઈક શીખવા મળે તથા તેને જીવનમાં લાભ થાય.

મેં મારી નજરે જોયું છે કે બીમાર હોય તો પણ દાદી અમૃતવેલા કે નુમાશામનો યોગ ક્યારેય મીસ નહોતાં કરતાં. મુરલી અને યજ્ઞનાં દરેક સાહિત્ય સાથે તેમનો ખૂબ પ્યાર હતો. ખાસ સમય કાઢીને તે વાંચતા અને એ પણ જોયું કે લીટરેચર લખનાર વ્યક્તિઓનો પણ ખૂબ આદર કરતા. મુરલીનાં તો દીવાના હતાં. મુરલી પર આખો દિવસ મનન ચિંતન કરતા. એમનો કોઈ પણ ક્લાસ એટલો ગહન અનુભવાતો કે તેને સમજવા માટે વિશેષ એટેન્શન આપવું પડતું. એમના ક્લાસ કે ચીટચેટમાં એ ખાસ પ્રતીત થતું કે એક પોઈન્ટ બીજી વખત ક્યારેય રીપીટ થતી ન હતી. એમની બોલી અને ટોલીની છાપ તો જીવનભર તાજી જ રહેશે. અને તેમના વ્યક્તિત્વમાં એ ખૂબી હતી કે કથની-કરની એક હતી.

એક વાર લોટસ હાઉસનું ઈલેક્ટ્રીક બિલ અચાનક રીવર્સ રીડીંગનાં કારણે ભૂલથી 2 લાખ રૂપિયા જેટલું આવ્યું. દાદીએ કહ્યું કે તમે પોતે જાઓ, કામ થઈ જશે. તે દિવસથી દાદીનાં આ બોલ મારા માટે વરદાનનું જ કામ કરી રહ્યાં છે. તે પછી એવી અનેક ઘટનાઓ ઘટી જેમાં ફક્ત મારી હાજરી આપવાથી જ કઠીન કાર્યો સહજ હલ થઈ ગયાં.

એમની દૃઢતા સમક્ષ તો બીમારી પણ હાર ખાઈ જતી હતી એ અનુભવ ફક્ત મારો જ નહીં

પરંતુ અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પીટલનાં પ્રખ્યાત ડોક્ટરો તથા તેમનાં સ્ટાફનો પણ છે. એક વાત દાદીની યાદ આવે છે, જે તેઓ હસતા હસતા મને સંભળાવતા - મેરા મુર્દા ભી બોલેગા અને ખરેખર એવું જ થયું. એક વખત મધુવનમાં જ્યારે ટીચર્સની ભઠ્ઠીનો પ્રોગ્રામ ચાલતો હતો અને તેઓ બેડરેસ્ટ પર હતા, ત્યારે મને એમની સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે જ સમયની આ વાત છે. તેમનો એક ક્લાસ ટીચર્સ માટે અમે રેકોર્ડ કર્યો, જ્યારે તેઓ નિદ્રા અવસ્થામાં હતા. નિદ્રાવસ્થામાં પણ તેમણે ટીચર્સ પ્રતિ જે ઉદ્‌બોધન કર્યું તે અદ્‌ભુત હતું.

દાદીજીની ભોગ પ્રતિની ભાવના અસાધારણ હતી. તેઓ જોતાં કે કોઈ ખાસ તહેવાર તો તે જ પ્રમાણે ભોગની વ્યવસ્થા કરવાનું કહેતા. તેઓ કહેતા કે બાબાને અને બાબાનાં બાળકોને તાજો જ ભોગ પ્રાપ્ત થવો જોઈએ. ગુરુવારનો દિવસ હોય તો દાદી પોતે જ ભોગ લગાવવા બેસતા અને ક્લાસ કરાવતા. ગુરુવારના દિવસે જો સવારે તેઓ લોટસમાં હોય તો આગ્રહ રાખતાં કે ક્લાસ કરાવે અને બધાને મળે, એ પછી જ આગળની યાત્રા આરંભ કરતા.

યજ્ઞ પ્રતિ તેઓને હંમેશા ફિકર રહેતી. એક વખત તેમની નિજી રુહરિહાન કરતાં મને સંભળાવ્યું કે મધુવનમાં જઉં છું તો જેટલો ખર્ચ મુસાફરીનો થાય છે તેનાથી ડબલ યજ્ઞસેવા કરું. જ્યારે કોઈનો જન્મદિવસ હોય અને તેમના દ્વારા મળેલ સહયોગમાંથી ત્રીજો હિસ્સો સેન્ટર માટે અને બે ભાગનો હિસ્સો મધુબન યજ્ઞમાં જ જવો જોઈએ. તેમની યજ્ઞનિષ્ઠા જ અનેકો માટે પ્રેરણાસ્ત્રોત બની અને અસંખ્ય બ્રહ્માવત્સોએ બાબાના યજ્ઞ પ્રતિ પોતાની પ્રોપર્ટીને વીલ કરી.

એક વાર સરલાદીદી સાથે મોરેશિયસ જવાનો પ્રોગ્રામ બન્યો. સરલાદીદીએ મને તેમની સાથે લઈ જવાની પરમિશન દાદી પાસે માંગી ત્યારે દાદીએ કહ્યું કે ભારતી મારી સાથે જ વિદેશયાત્રા કરશે. ઘણા વર્ષો બાદ 2008માં એક દિવસ અચાનક દાદી તરફથી મારા માટે એક ઈમેલ આવ્યો કે તું તારા વિઝાની તૈયારી કર, હું મધુવનથી જ્યારે લંડન પાછી જઈશ ત્યારે તારે મારી સાથે આવવાનું છે. જે વ્યક્તિની અથવા જે કાર્યની જવાબદારી દાદીએ લીધી હોય તે કાર્ય પૂરુ કર્યે જ છૂટકો !

વ્યક્તિગત શિખામણ આપતાં દાદીએ એક વખત મને કહ્યું કે લૌકિક ઘરમાં કંઈ કામ હોય તો ભલે જવું પણ રાત્રે ક્યારેય રોકાવું નહીં. પણ જ્યારે એમને ખબર પડી કે મારી લૌકિક માતાની તબિયત ગંભીર છે તો તેઓએ સામેથી જ મને કહ્યું કે તું ઘરે જઈ આવ. ટોલી આપીને મને એમણે ઘરે મોકલી અને થોડા દિવસ રહેવાનું કહ્યું. ઘરે પહોંચીને મમ્મીને ટોલી ખવડાવી અને ત્રીજા દિવસે બાબાની યાદમાં મારી ગોદમાં દેહ ત્યાગ કર્યો. આમ, દાદી સમય, પરિસ્થિતિ જોઈને કોઈ પણ સલાહ સૂચન કરતાં. થોડા દિવસ બાદ મારા લૌકિક પિતાને તેઓએ સેન્ટર પર રહેવાનું નિમંત્રણ આપ્યું અને ડ્રામાનુસાર દાદીજી સાથે મિલન મનાવી તેઓએ બ્રહ્માવત્સોની સન્મુખ બાબાનાં ઘરમાં જ દેહ ત્યાગ કર્યો. આ ઘટનાઓ દાદીની દૂરંદેશી દૃષ્ટિની સૂચક છે.

મને યાદ નથી કે માઉન્ટ આબુથી પાંચ કલાકની મુસાફરી બાદ આવીને તરત દાદી ડાયરેક્ટ ક્યારેય રૂમમાં ગયા હોય ,પહેલાં બધાને મળતા, ટોલી ખવડાવતા, દૃષ્ટિથી નિહાલ કરતાં. ક્યારેક વિદેશથી લાંબી મુસાફરી કરીને આવ્યા હોય તો પણ આ જ સિલસિલો દોહરાવતા અને

**(અનુસંધાન પેજ નં. 29 પર)**

# મમતામયી મા કો શત્ શત્ નમન


બ્ર.કુ. આરતીબેન, રાજકોટ

1916 મેં સિંધ મેં એક નન્હે સે ફરિસ્તેને લિયા જનમ,
ભક્તિ-અધ્યાત્મ સંપન્ન પરિવારને રખા જાનકી નામ.
બચપન સે હી મિલા માતા-પિતા ઔર ગીતા સે શાસ્ત્રજ્ઞાન,
1936 મેં પરમાત્માને બ્રહ્માબાબા કે દ્વારા કરાયા જ્ઞાન સ્નાન.
1937 મેં 21 સાલ કી જાનકી કો મિલા ઈશ્વરીય જ્ઞાન,
ફિર તો ક્યા બતાયેં? મિલા જીવન કો એક નયા વરદાન.
હર ઈશ્વરીય શ્રીમત કો પાલન કરને કી લગ ગઈ તાત,
ભગવાન કો સચ્ચા સાથી માનકર માયા કો મારી લાત.
પરમાત્મ ગુણોં કો અપને જીવન મેં કિયા આત્મસાત,
સચ્ચાઈ-સફાઈ-સાદગી કી બની વો દેવી સાક્ષાત.
1974 મેં હુઆ વિશ્વ સેવા અર્થ વિદેશ મેં જાના,
જ્ઞાન પ્રકાશ ફેલાકર, પાયા દુઆઓ કા ખજાના.
2007 મેં મિલા યજ્ઞ મુખ્ય પ્રશાસિકા કા તાજ,
ખોલે વિશ્વ પરિવર્તન કે અનેક અદ્ભુત રાજ.
મિલા સબસે સ્થિર મનવાલી મહિલા કા ખિતાબ,
બન ગઈ વો સ્વયં ઈશ્વરીય ગુણોં કા કિતાબ.
મા બનકર નિભાયા પિતા કા કિરદાર,
કહલાઈ આધ્યાત્મિક જગત કી સરદાર.
અબ આયા સાકાર સે અવ્યક્ત હોને કા દાવ,
2020 મેં ફરિસ્તા બન ચલી ભરને અનેકો કે ઘાવ.
આવો હમ સબ મિલ કરકે એસી મહાન વિભૂતિ કો કરે..શત્ શત્ નમન..

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

2002 - જોહાનિસબર્ગમાં UN વિશ્વ સમિટમાં મેસેજ.




2000 - Wings of Soul અને Parl of Wishdom પુસ્તકોનું પ્રકાશન.




2004 - જોર્ડનના રાજા કિંગ અબ્દુલ્લાહ દ્વારા 'ગ્રાન્ડ કોર્ડન' એવોર્ડ.



2005- વર્લ્ડ કોંગ્રેસના પેટ્રન. USA કેમ્બ્રિજ ખાતે 'કરેજ ઑફ કોનસીયસ' એવોર્ડ.

2006 - Just A Minute અને 90મા જન્મદિવસે ખાસ ગીત સમર્પિત.



2007 - 27 August બ્રહ્માકુમારીઝના મુખ્ય પ્રશાસિકાના પદે.



2008 - ઓમાનમાં આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસના કાર્યક્રમમાં મુખ્ય વક્તા.



2011 - વિશાખાપટ્ટનમની ગીતમ યુનિવર્સિટી દ્વારા 'ડૉક્ટરેટ'ની ઉપાધિ.

2012 - નેધરલેન્ડનાં હેગ શહેરમાં RIO+20 પ્રી કોન્ફરન્સમાં પ્રવચન.



2014 - લંડનમાં હાઉસ ઑફ કોમન ખાતે 'ભારત ગૌરવ' એવોર્ડ.



2015 - ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મીશનનાં 'બ્રાન્ડ એમ્બેસેડર'.



2015 - લંડન બર્મીંગહામ પેલેસમાં પ્રિન્સ ચાર્લ્સ સાથે મુલાકાત.

દાદીજી ૧૦૨ વર્ષે પણ દેશ તથા વિદેશના 53થી વધુ શહેરોમાં સેવા અર્થે મુલકાત કરેલ





2020- 27 માર્ચે મહાન વિભુતિનું અવ્યક્ત વતનની યાત્રાએ મહાપ્રયાણ.

Gyan Amrit Vol.13. | Issue 5 | May 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

# બ્રહ્માકુમારીઝનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીજીની જીવનયાત્રા



01-01-1916
ભારતમાં જન્મ.



1937 - 21 વર્ષે
બ્રહ્માકુમારીઝ સંસ્થામાં જોડાયા



1937-1951 - ઓમમંડળીમાં
સમર્પિતરૂપે નર્સની સેવા



1951-1974 - ભારતમાં
સેવાકેન્દ્રોની સ્થાપનાની ભૂમિકા.



1974 લંડનમાં આગમન.



1978 - અમેરિકામાં
વિશ્વની સૌથી સ્થિર
મનવાળી મહિલા તરીકે દાદીજી ઘોષિત.



1983 - સંસ્થાના
સહ–પ્રશાસિકાના પ્રમુખ પદે.



1986 - મીલીયન મીનીટસ્ ઑફ પીસ
અપીલનો આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ
88 દેશોમાં કાર્યાન્વિત.



1988 - Global Co-operation
for a Better Worldનો
પ્રોજેક્ટ 129 દેશોમાં ચલાવ્યો.



1991 - લંડનમાં Global Houseનું નિર્માણ.




1992 - રીયોમાં UN- Earth સમીટમાં પ્રતિનિધિત્વ.



1993 - Oxfordમાં Global Retreat
Centerની શરૂઆત.



1995 - ચાઈના બેઈજીંગમાં
UNની 4th વિશ્વ સંમેલનમાં પ્રતિનિધિત્વ.



1996 - USA - San Franciscoમાં
વિશ્વમંચ પર પ્રવચન.



1997 - UKમાં જાનકી ફાઉન્ડેશનની સ્થાપના.
લંડનમાં યુરી ગેલર સાથે 'મનની શક્તિઓ'પર જાહેર કાર્યક્રમ.



1999 - ન્યુયોર્કમાં UN જનરલ એસેમ્બલી હોલમાં
મિલેનિયમ 'વિશ્વ શાંતિ સમિટ'માં પ્રવચન.

If Undelivered Please Return To :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com